RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 6 * Issue No. 153* Date: 01.04.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**પ્રશ્ન ન પૂછો ફકીરને, કેમેરા પર વહેંચે જ્ઞાન, જુમલા ભરેલી ઝોળી લઈ, લૂટે હિંદુસ્તાન : રાહુલ ગાંધી**

# પેટ્રોલ- ડીઝલની વધતી કિંમતો સામે કોંગ્રેસનું દેશવ્યાપી પ્રદર્શન

નવીદિલ્હી,તા.૩૧

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૮૦ પૈસાનો વધારો નોંધાયો છે. આ સાથે જ સતત વધી રહેલા ભાવોના વિરોધમાં કોંગ્રેસ આજે દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવા ઉતરી છે. આ વિરોધમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પણ જોડાયા છે.

પેટ્રોલ અને ડીઝલની વધતી કિંમતો સામે કોંગ્રેસ વિજય ચોક પાસે સંસદની સામે દેશવ્યાપી પ્રદર્શન કર્યું હતું જેમાં રાહુલ ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓ સામેલ હતાં કોંગ્રેસના સાંસદો વિજય ચોકના મીડિયા લૉનમાં લગભગ એક કલાક સુધી ધરણા પર બેસ્યા હતાં અને પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓ સહિત કાર્યકરોએ મોદી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે આજે અહીં અમારા કોંગ્રેસના સાંસદો અને દરેક રાજ્યમાં અમારા નેતાઓ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાનો વિરોધ કરી રહ્યા છે. અમારી માંગણી છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાને રોકવામાં આવે. તેની અસર ગરીબોને પડી રહી છે. ગેસ સિલિન્ડરના ભાવ બમણા થઈ ગયા, આવું ઈતિહાસમાં ક્યારેય બન્યું નથી. સરકારનો સ્પષ્ટ એજન્ડા છે કે ગરીબોમાંથી પૈસા કાઢીને બેથી ત્રણ અબજપતિઓને આપવામાં આવે. રાહુલે વધુમાં કહ્યું કે ચૂંટણી સમયે પણ અમે લોકોને કહ્યું હતું કે હવે પેટ્રોલ લો, ચૂંટણી પછી સરકાર પૈસા વધારશે.




કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પેટ્રોલ અને ડીઝલના ભાવોમાં થઈ રહેલા સતત વધારાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વિટ દ્વારા પણ પડોશી દેશોમાં પેટ્રોલની કિંમતો સાથે ભારતમાં પેટ્રોલની કિંમતની સરખામણી કરીને મોદી સરકાર પર નિશાન સાધ્યુ છે. રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને જણાવ્યુ કે ભારતીય રુપિયામાં અફઘાનિસ્તાનમાં ૬૬.૯૯, પાકિસ્તાનમાં ૬૨.૩૮ અને બાંગ્લાદેશમાં ૭૮.૫૩ રૂપિયામાં પેટ્રોલ મળી રહ્યુ છે. સાથે જ તેમણે એક છંદ દ્વારા કહ્યુ કે, 'પ્રશ્ન ન પૂછો ફકીરને, કેમેરા પર વહેંચે જ્ઞાન, જુમલા ભરેલી ઝોળી લઈ, લૂટે હિંદુસ્તાન'. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી ઈંધણના ભાવોમાં સતત વધારો અને મોંઘવારી મુદ્દે ફરીથી સક્રિય થઈ ગયા છે. રાહુલ ગાંધી અને પાર્ટીના ઘણા અન્ય સાંસદોએ પાર્ટીના મોંઘવારી મુક્ત ભારત અભિયાન હેઠળ પેટ્રોલ, ડીઝલ, રસોઈ ગેસ અને સીએનજીની કિંમતોમાં વધારા સામે ગુરુવારે સંસદ પાસે ધરણા કર્યા હતાં

સંસદ ભવન પાસે કોંગ્રેસના પ્રદર્શન વખતે રાહુલ ગાંધીએ કહ્યુ કે સરકારે પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમતોને નિયંત્રિત કરવી જોઈએ અને કોઈ પણ પ્રકારનો વધારો કરવો જોઈએ નહિ કારણકે મોંઘવારીની સૌથી વધુ માર ગરીબો અને મધ્યમ વર્ગના લોકો પર પડી રહી છે. પાર્ટીના સાંસદોએ બંને ગૃહોની કાર્યવાહીના આરંભના દોઢ કલાક પહેલા વિજય ચોક પર કોંગ્રેસના મોંઘવારી મુક્ત ભારત અભિયાન હેઠળ ધરણા આપ્યા. આમાં રાહુલ ગાંધી ઉપરાંત લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, રાજ્યસભામાં વિપક્ષ નેતા મલ્લિકાર્જૂન ખડગે, કોંગ્રેસ સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ અને ઘણા અન્ય સાંસદ શામેલ થયા. કોંગ્રેસ સાંસદોએ સરકાર સામે નારેબાજી પણ કરી. ધરણા બાદ રાહુલ ગાંધીએ કહ્યુ કે, 'મોંઘવારી, ખાસ કરીને પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધારા સામે કોંગ્રેસ પાર્ટી આખા દેશમાં વિરોધ વ્યક્ત કરી રહી છે. છેલ્લા ૧૦ દિવસોમાં નવ વાર વધારો કરવામાં આવ્યો છે. સરકાર આ વૃદ્ધિથી હજારો કરોડ રૂપિયા કમાઈ રહી છે. આની સૌથી વધુ અસર ગરીબ અને મધ્યમ વર્ગને થઈ રહી છે. અમારી માંગ છે કે સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવ નિયંત્રિત કરે અને કિંમતો વધારવાનુ બંધ કરે.' રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે રાંધણ ગેસ સિલિન્ડરના ભાવ બમણા થઈ ગયા છે. સરકાર માત્ર એક વસ્તુ કરી રહી છે - ગરીબોના ખિસ્સામાંથી પૈસા કાઢો અને બે-ત્રણ મોટા ઉદ્યોગપતિઓને ફાયદો કરાવો. કોંગ્રેસનુ આ મોંઘવારુ મુક્ત ભારત અભિયાન ૩૧ માર્ચથી ત્રણ તબક્કામાં ચાલુ કરવામાં આવ્યુ છે જે સાત એપ્રિલ સુધી ચાલશે.

એ યાદ રહે કે પેટ્રોલ-ડિઝલના ભાવ ગુરુવારે સતત ૧૦મા દિવસે ૯મી વખત વધ્યા છે. ગુરુવારે પેટ્રોલ-ડિઝલના ભાવમાં ૮૦-૮૦ પૈસાનો વધારો થયો છે. આ પહેલાં બુધવારે પણ ૮૦-૮૦ પૈસાનો વધારો થયો હતો. છેલ્લા ૧૦ દિવસ દરમિયાન પેટ્રોલ અને ડિઝલના ભાવ પ્રતિ લિટરે ૬.૪૦ રૂપિયા સુધી વધ્યા છે. એનાથી સરકારે નવેમ્બરમાં દિવાળીના પ્રસંગે પેટ્રોલ-ડિઝલની કિંમતોમાં આપેલી રાહત પણ સમાપ્ત થઈ ગઈ હતી.દિલ્હીમાં પેટ્રોલ અને ડિઝલની કિંમત આજે ૧૦૧.૮૧ રૂપિયા પ્રતિ લિટર અને ૯૩.૦૭ રૂપિયા પ્રતિ લિટર(૮૦ પૈસાનો વધારો) થઈ છે. બીજી તરફ મુંબઈમાં પેટ્રોલ-ડિઝલની કિંમત ૮૪ પૈસાના વધારા સાથે ૧૧૬.૭૨ રૂપિયા પ્રતિ લિટર અને ૧૦૦.૯૪ રૂપિયા છે.

## પેટ્રોલ- ડીઝલના ભાવને લઈને સવાલ કરાયો રામદેવ ભડકી ગયા,પત્રકારને ધમકી આપી

કરનાલ,તા.૩૧

મોદીજીની સરકાર લાવો તો પેટ્રોલ ૪૦ થઈ જશેની વાતો કરતા બાબા રામદેવને પત્રકારે સવાલ કર્યો તો બાબા ભડકી ગયા હતાં અને પત્રકારને કહી દીધું કે હા કીધું હતું બોલ શુ કરી લેવાનો તું અને પત્રકારને ચૂપ રહેવા ધમકી આપી હવે વધુ પૂછીશ તો મજા નહિ આવે તેમ કહેતા પત્રકાર તેમનું રૌદ્ર રૂપ જોઈ ડઘાઈ ગયો હતો.વાસ્તવમાં હરિયાણાના કરનાલમાં બાબા રામદેવને જ્યારે મીડિયાકર્મીઓએ પેટ્રોલ-ડીઝલના ભાવને લઈને સવાલ કર્યો તો તે પત્રકારો પર ભડકી ગયા અને ઉલટુ-સીધુ કહેવા લાગ્યા. બાબા રામદેવે કહ્યુ કે મને આવા સવાલો ના કરો. એક પત્રકારે બાબા રામદેવને તેમની એ ટિપ્પણીને લઈને સવાલ કર્યો હતો જે તેમણે ૨૦૧૪ પહેલા મોદી સરકારના સમર્થનમાં આપી હતી. એ વખતે બાબા રામદેવે કહ્યુ હતુ કે લોકો એ નક્કી કરી લે કે કઈ સરકારને વોટ આપશે, જે તમને ૪૦ રૂપિયા પ્રતિ લિટર પેટ્રોલ આપશે એ સરકારને કે પછી જે ૭૦-૭૫ રૂપિયા પ્રતિ લિટર આપશે એ સરકારને?



બાબા રામદેવની આ ટિપ્પણીને લઈને પત્રકારે તેમને સવાલ કરી લીધો હતો જેના જવાબમાં તેમણે પત્રકારને કહ્યુ, 'તારા પ્રશ્નો બહુ થઈ ગયા તુ હવે ચૂપ થઈ જા અને હા મે એવુ કહ્યુતુ હવે શું પૂંછ પાડીશ મારી? પત્રકારને બાબા રામદેવે ધમકાવ્યા બાબા રામદેવ આટલે ન અટક્યા તેમણે આગળ પણ એ પત્રકારને ધમકાવ્યા અને કહ્યુ, 'તુ કોઈ ઠેકેદાર છે, જો હું તારા દરેક સવાલના જવાબ આપુ, જ્યારે એકવાર કહી દીધુ તો થોડો સમય સભ્ય બની જાવ.' બાબા રામદેવે છેલ્લે પત્રકારને ધમકાવ્યો અને કહ્યુ કે હા મે એ નિવેનદ ટીવી પર આપ્યુ હતુ અને હવે નથી આપતો જો શું કરીશ.

### રાજ્યસભાના ૭૨ સાંસદ રિટાયર થઈ રહ્યા છે

## જે પણ સાથીઓ અહીંથી વિદાય થનારા છે તેમની પાસેથી આપણે ઘણુ શીખ્યા છીએ : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૩૧

સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાંથી ૭૨ સભ્ય રિટાયર થઈ રહ્યા છે. આજે રાજ્યસભા તેમના કાર્યો અને યોગદાનને યાદ કરવામાં આવ્યા હતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાંસદોને મળ્યા અને સંબોધન કરતા કહ્યું કે તમારી સારી વાતોને જરૂર નોટિસ કરુ છું. તેમણે કહ્યું કે તમને બધાને તમારી સારી સારી વાતો જણાવીશ. હંમેશા તમારી જે સારી વાતો છે તેને હું જરૂર નોટિસ કરું છું. પીએમ મોદીએ કહ્યું કે મને વિશ્વાસ છે કે આજે જે પણ સાથીઓ અહીંથી વિદાય થનારા છે તેમની પાસેથી આપણે જે શીખ્યા છીએ તેને આગળ વધારવા માટે આપણે તેનો જરૂર ઉપયોગ કરીશું જેથી કરીને દેશની સમૃદ્ધિ થાય.

પીએમ મોદીએ કહ્યું કે આ આઝાદીનો અમૃત મહોત્સવ છે. આપણા મહાપુરુષોએ દેશ માટે ઘણું કર્યું. હવે આપવાની જવાબદારી આપણી છે. હવે તમે ખુલ્લા મનથી એક મોટા મંચ પર જઈને આઝાદીના અમૃત મહોત્સવના પર્વને માધ્યમ બનાવીને પ્રેરિત કરવામાં યોગદાન કરી શકો છો. પીએમ મોદીએ કહ્યું કે ક્યારેક આપણને લાગે છે કે આપણે આ સદનમાં ઘણું યોગદાન આપ્યું. પરંતુ આ ગૃહે પણ આપણા જીવનમા ઘણું બધુ યોગદાન આપ્યું છે. આપણે ગૃહને જેટલું આપીને જઈએ છીએ તેનાથી વધુ ગૃહથી લઈને જઈએ છીએ.

આપણે ભલે અહીંથી જઈ રહ્યા હોઈએ પરંતુ આપણા અનુભવને ચારે દિશાઓમાં લઈને જાઓ. પ્રધાનમંત્રીએ કહ્યું કે સાથી જઈ રહ્યા છે પરંતુ બંગાળી કે ગુજરાતીમાં વિદાય આપવાની પણ એક રીત છે જેમાં બાય-બાયનો અર્થ થાય છે કમ અગેઈન (આવજો) એટલે કે ફરીથી આવજો.

પીએમ મોદીએ કહ્યું કે તમે બધા ફરીથી પાછા આવજો. જેમની સાથે ચાર-પાંચ કાર્યકાળથી લાંબો અનુભવ જોડાયેલો છે. આપણા આ તમામ મહાનુભવો પાસે ખુબ અનુભવ છે.

ક્યારેક ક્યારેક જ્ઞાન કરતા અનુભવની તાકાત વધુ હોય છે. એકેડેમિક જ્ઞાનની અનેક મર્યાદા હોય છે તે સેમિનારમાં કામ આવે છે પરંતુ અનુભવથી જે જ્ઞાન મળે છે તે સમસ્યાઓના સમાધાન માટે સરળ ઉપાય હોય છે. તેમાં નવીનતા માટે અનુભવનું મિશ્રણ હોવાના કારણે ભૂલો ઓછી થાય છે. આ અર્થમાં અનુભવનું ખુબ મહત્વ હોય છે. જ્યારે આવા અનુભવી સાથી ગૃહમાંથી જાય છે ત્યારે મોટી કમી ગૃહ અને રાષ્ટ્રને થાય છે.

સભાપતિ એમ વેંકૈયા નાયડુએ અનેક સભ્યોનો ઉલ્લેખ કરતા તેમના કાર્યો અને ઉપસ્થિતિને બિરદાવ્યા. શરૂઆતમાં તેમણે આનંદ શર્માના વખાણ કરતા કહ્યું કે તેમના નેતૃત્વમાં બનેલી ગૃહ મામલાઓની સમિતિએ ખુબ ઊંડાણપૂર્વક કોવિડ૧૯ મહામારીનો રિપોર્ટ તૈયાર કર્યો. તેમણે કહ્યું કે મે વિસ્તારથી આ રિપોર્ટ વાંચ્યો છે. કમિટીએ ખુબ વિસ્તૃત જાણકારી સામે રજૂ કરી છે. કમિટીએ ભવિષ્યમાં આવી સ્થિતિને પહોંચી વળવા માટે કેવી રીતે તૈયારી કરવામાં આવે તેનો રસ્તો પણ સૂચવ્યો છે.

## દિલ્હી સહિત ઉત્તર ભારતમાં રેકોર્ડ બ્રેક ગરમી

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પ્રકોપ ચાલુ છે અને આ ગરમીના મોજા લોકો માટે આફતનો પવન બની રહ્યા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી શકે છે અને જો આમ થશે તો દિલ્હીમાં ગરમીનો ૭૦ વર્ષનો રેકોર્ડ તૂટી જશે.

માર્ચ મહિનાથી રેકોર્ડ બ્રેક ગરમીએ એવી હાહાકાર મચાવ્યો છે કે, દિલ્હીથી હૈદરાબાદ અને રાજસ્થાનથી મુંબઈ સુધી લોકો ગરમીનો સામનો કરી રહ્યા છે. દેશના અલગ-અલગ રાજ્યોના અલગ-અલગ શહેરોમાં ગરમીએ એવો તોફાન મચાવ્યો છે કે, જ્યુસની દુકાનો પર ભીડ વધી ગઈ છે હવામાન વિભાગનો અંદાજ છે કે આગામી ૧૦ દિવસમાં આ ગરમી વધુ વધી શકે છે કારણ કે હજુ સુધી વરસાદની કોઈ આગાહી નથી.

દિલ્હીમાં માર્ચ મહિનામાં અત્યાર સુધીમાં સૌથી વધુ તાપમાન ૩૨.૭ ડિગ્રી રહ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર બુધવારે દિલ્હીમાં તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. વર્ષ ૨૦૨૧માં સરેરાશ મહત્તમ તાપમાન ૩૩.૧ ડિગ્રી નોંધાયું છે. દિલ્હીમાં છેલ્લા એક દાયકા પછી સૌથી વધુ ગરમી પડી રહી છે, કારણ કે માર્ચ ૨૦૧૦માં તાપમાન ૩૪.૧ ડિગ્રી નોંધાયું હતું. જે છેલ્લા ૧૧ વર્ષમાં સૌથી ગરમ મહિનો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હી, રાજસ્થાન, મધ્ય ભારત, તેલંગાણા, ઓડિશા, છત્તીસગઢમાં આગામી સાત દિવસ સુધી વરસાદની કોઈ શક્યતા નથી. કેરળ, કર્ણાટકના ભાગો અને ઉત્તરપૂર્વમાં માત્ર થોડો વરસાદ પડશે. એટલે કે આગામી કેટલાક દિવસો સુધી લોકોને ગરમીમાંથી રાહત મળતી દેખાતી નથી.

## હવે જામીન મળ્યા બાદ કેદીઓને મુક્ત કરવાની પ્રક્રિયા ઝડપી થશે

નવીદિલ્હી,તા.૩૧

હવે દેશમાં જામીન મળ્યા બાદ કેદીઓની મુક્તિ પ્રક્રિયા ઝડપી બનશે. વાસ્તવમાં, સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એનવી રમના આજે ફાસ્ટ એન્ડ સિક્યોર ટ્રાન્સમિશન ઑફ ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ (ફાસ્ટર) લૉન્ચ કરશે. એવું કહેવામાં આવ્યું છે કે ચીફ જસ્ટિસ રમના સવારે ૧૦ વાગ્યે વર્ચ્યુઅલ રીતે ફાસ્ટર સોફ્ટવેર લોન્ચ કરશે. આ કાર્યક્રમમાં ઝત્તૈં અને સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશો અને હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો હાજર રહેશે. આ સિસ્ટમ શરૂ થયા બાદ કેદીઓને જામીનના દસ્તાવેજોની હાર્ડ કોપી જેલ પ્રશાસન સુધી પહોંચવા માટે રાહ જોવી પડશે નહીં. સપ્ટેમ્બર ૨૦૨૧ માં, સુપ્રીમ કોર્ટે એક મોટો નિર્ણય લેતા, સંબંધિત પક્ષોને તેના આદેશો ટ્રાન્સમિટ કરવા માટે ઈલેક્ટ્રોનિક ટ્રાન્સમિશનની સિસ્ટમ લાગુ કરવાનો નિર્દેશ આપ્યો. આદેશ પસાર કરતી વખતે કોર્ટે જામીન મળવા છતાં કેદીઓને જેલમાંથી મુક્ત કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ફાસ્ટર દ્વારા, કોર્ટના નિર્ણયોની ઝડપી માહિતી ઉપલબ્ધ થશે અને તેના પર આગળની કાર્યવાહી શક્ય બનશે. ઈલેક્ટ્રોનિક રેકોર્ડનું ઝડપી અને સુરક્ષિત ટ્રાન્સમિશન અથવા ફાસ્ટર જેલમાં ફરજ ધારકોને વચગાળાના ઓર્ડર, જામીન ઓર્ડર, સ્ટે ઓર્ડર અને કાર્યવાહીના રેકોર્ડની ઈ-પ્રમાણિત નકલો મોકલવામાં મદદ કરશે, જેથી સુરક્ષિત ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન ચેનલ દ્વારા અનુપાલન અને યોગ્ય પાલન થઈ શકે.

## દેશમાં ૨ વર્ષમાં ૪૦,૦૦૦ બાળકો યૌન શોષણનાં શિકાર, સંસદમાં મુદ્દો ઉઠ્યો

,નવીદિલ્હી,તા.૩૧

દેશમાં સતત વધી રહેલાં બાળ શોષણનાં કેસ પર ચિંતા જતાવતા દ્રમુક નેતા તિરુચિ શિવાએ રાજ્યસભામાં જોર આપીને કહ્યું કે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં આ માટે જાગૃત બનાવવાં પર જોર દેતા કહ્યું કે, આ માટે સ્કૂલોમાં નિયમિત રૂપથી કાર્યશાળાઓનું આયોજન કરવું જોઈએ. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા દ્રમુક સાંસદ તિરુચિ શિવાએ કહ્યું કે, રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરોનાં રિપોર્ટ અનુસાર, ૨૦૧૮ અને ૨૦૨૦ની વચ્ચે યોન અપરાધથી બાળકોનું સંરક્ષણ નિયમ હેઠળ આશરે ૪૦,૦૦૦ કેસ દાખલ કરવામાં આવ્યાં છે.

ડીએમકેના સાંસદ તિરુચિ સિવાએ કહ્યું કે આ નોંધાયેલા કેસો છે અને એવા ઘણા કેસ છે જે નોંધાયા પણ નથી. કોવિડ રોગચાળાના સમયગાળા દરમિયાન ૨૦૨૦ માં બાળકોના જાતીય શોષણના કેસોની સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ હવે તે ફરીથી વધવા લાગ્યો છે. શિવે કહ્યું કે 'આપણા સમાજમાં બાળકો ખૂબ નબળા હોય છે. તેમની સામે આ પ્રકારનું યૌન શોષણ તેમને શારીરિક અને માનસિક રીતે ઘણી અસર કરે છે અને કેટલીકવાર એવી દર્દનાક યાદો આપે છે, જેને બાળકો આખી જિંદગી ભૂલી શકતા નથી.

એક સર્વેને ટાંકીને, સાંસદ તિરુચિ સિવાએ કહ્યું કે મોટાભાગની ભારતીય શાળાઓમાં કાં તો આવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કોઈ સિસ્ટમ નથી. જો તેઓ આવો કોઈ પ્રયાસ કરે તો પણ મોટાભાગના વિદ્યાર્થીઓને આ કાયદાની જરા પણ જાણ હોતી નથી.

તેમણે કહ્યું કે આ રીતે આ બહુ ગંભીર મુદ્દો છે. બાળકોને શોષણથી બચાવવાની સિસ્ટમમાં રહેલી નબળાઈઓને તાત્કાલિક ગંભીરતાથી દૂર કરવી જોઈએ. દરેક શાળાએ વિદ્યાર્થીઓ અને શિક્ષકો બંને માટે નિયમિત વર્કશોપ યોજવાનું ફરજિયાત બનાવવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની જરૂર છે. તેઓમાં આ અંગે જાગૃતિ હોવી જોઈએ અને તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ અંગે જાગૃત કરવા જોઈએ. અન્ય પક્ષોના કેટલાક સાંસદોએ આ મુદ્દે ડીએમકેના સાંસદ તિરુચી શિવાને સમર્થન આપ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# અપરાધીઓનો ડેટા



**દેશમાં પોલીસ સુધાર તો લાંબા સમયથી પડતર છે, પરંતુ કેન્દ્ર સરકારે અપરાધીઓના રેકોર્ડ રાખવામાં આધુનિક ટેક્નોલોજીના ઉપયોગની અનુમતિ આપતો ખરડો લોકસભામાં રજૂ કરીને અપરાધ તપાસની દિશામાં એક ડગલું માંડ્યું છે. નવું બિલ 'દંડ પ્રક્રિયા (ઓળખ) ખરડો, ૨૦૨૨હ્વ કાયદો બન્યા બાદ ૧૦૨ વર્ષ જૂના કાયદાનું સ્થાન લેશે. નવો કાયદો આવ્યા બાદ આરોપીઓ અને દોષીતોના રેટિના, ફોટો, ફિંગર પ્રિન્ટ, હથેળીઓની પ્રિન્ટ, ફૂટપ્રિન્ટ અને બાયોલોજિકલ સેમ્પલ લઈ શકાશે. દોષીતો અને આરોપીઓના હેન્ડરાઇટિંગ અને સિગ્નેચરનો રેકોર્ડ પણ રાખવામાં આવશે. અપરાધીઓ વિશે વધુને વધુ જાણકારી હોવાથી તપાસ પ્રક્રિયામાં ઝડપ આવશે. હાલમાં જે રીતે અપરાધમાં હાઇટેકનો ઉપયોગ વધ્યો છે, તેને જોતાં તપાસ સિસ્ટમને પણ મોડર્ન અને હાઇટેક બનાવવાની જરૂર છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ખુદ પોલીસ સહિત સુરક્ષા દળોની કાર્યપ્રણાલી અને ડેટા સિસ્ટમમાં સુધારના પક્ષમાં છે. આ ખરડામાં કોઈ અપરાધ મામલે ધરપકડ અને દોષસિદ્ધ અપરાધીઓનો રેકોર્ડ રાખવા માટે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની અનુમતિ આપવાનો પ્રસ્તાવ કર્યો છે.**

**હાલના કાયદામાં માત્ર ફિંગર પ્રિન્ટ અને ફૂટ પ્રિન્ટ લેવાની જ અનુમતિ છે. જોકે હવે નવી ટેક્નોલોજી આવી છે, તેથી આ સંશોધનની જરૂર પડી. તેનાથી તપાસ એજન્સીઓને મદદ મળશે અને દોષસિદ્ધિ વધશે. કાયદા મંત્રાલય અને બધા સંબંધિત પક્ષો સાથે લાંબી ચર્ચા બાદ આ ખરડો લાવવામાં આવ્યો છે. જોકે વિપક્ષે નવું સંશોધન બિલ લાવવાના પગલાને 'ગેરકાયદે અને ગેરબંધારણીયહ્વ ગણાવી દેતાં કહ્યું કે આ બંધારણના અનુચ્છેદ ૨૦ અને ૨૧નું ઉલ્લંઘન છે. વિપક્ષને લાગે છે કે આ કાયદાથી નાગરિકોના મૌલિક અધિકારો પર કુઠારાઘાત થશે. સરકારે વિપક્ષની આશંકાઓનું સમાધાન કરતાં સુનિશ્ચિત કરવું જોઇએ કે કાયદાનો દુરુપયોગ નહીં થાય. દોષસિદ્ધ અપરાધીઓનો વ્યાપક બાયોલોજિકલ રેકોર્ડ રાખવો જોઇએ, પરંતુ આરોપી મામલે સાવધાની જરૂરી છે. આ જોગવાઈનો સંગીન અપરાધ માત્ર માટે ઉપયોગ સુનિશ્ચિત કરી શકાય છે. વિપક્ષે પણ માત્ર વિરોધ માટે સરકારના દરેક પગલાનો વિરોધ ન કરવો જોઇએ. દુનિયામાં અપરાધ તપાસ વિજ્ઞાન (ફોરેન્સિક સાયન્સ)ને આધુનિક અને નવી ટેકનિકોને અનુરૂપ બનાવાયું છે. ભારતે પણ એ તરફ ઝડપથી ડગ માંડવાં જ જોઇએ. અપરાધ તપાસમાં સુધાર પ્રસ્તાવિત પોલીસ સુધારની જ એક કડી છે. રાષ્ટ્રીય પોલીસ પંચથી માંડીને સુપ્રીમ કોર્ટ સુધીના પોલીસ સુધાર સંબંધી આદેશ હજુ પણ ધરાતલ પર ઉતરવાની વાટ જોઈ રહ્યા છે. આજે અપરાધની તપાસને વધુ દક્ષ બનાવવા અને દોષસિદ્ધિ દરમાં વૃદ્ધિ કરવાની વધુ જરૂર છે. જોકે તેની સાથે જ અદાલતી પ્રક્રિયા પણ વેગવાન બનાવવાની જરૂર છે, જે ન્યાયની ગતિ વધારશે.**

# દેશમાં કોરોનાના નવા ૧૨૨૫ કેસ, ૨૮ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૩૧

દેશમાં કોરોના વાયરસનો કહેર હવે સમાપ્ત થઈ રહ્યો છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨૨૫ નવા કેસ નોંધાયા છે. ૧૫૯૪ લોકોને રજા આપવામાં આવી છે અને ૨૮ લોકોના કોરોનાથી મોત થયા છે. સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૫૦૦૦થી ઓછી થઈ ગઈ છે. કોરોના રસીના ૧૮૪ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. કોરોના મહામારીની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ચાર કરોડ ૩૦ લાખ ૨૪ હજાર લોકો સંક્રમિત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૪,૩૦૭ થઈ ગઈ છે. તે જ સમયે, આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૧ હજાર ૧૨૯ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૮૯ હજાર લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.

# કેજરીવાલના ઘરે હોબાળો કરનાર ૮ લોકોની પોલીસે ધરપકડ કરી

નવીદિલ્હી,તા.૩૧

ગઈકાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાન બહાર વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં દિલ્હી પોલીસે અત્યાર સુધીમાં કુલ ૮ લોકોની ધરપકડ કરી છે. પોલીસ હજુ કેટલાક લોકોને શોધી રહી છે. પોલીસની છ ટીમો દરોડાની કામગીરીમાં લાગેલી છે.

ઉલ્લેખનીય છે કે ફિલ્મ કાશ્મીર ફાઈલને લઈને દિલ્હી વિધાનસભામાં આપવામાં આવેલા નિવેદનને લઈને બુધવારે સવારે ભજન યુવા મોરચાના કાર્યકર્તાઓએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરની બહાર પ્રદર્શન કર્યું હતું. ધરણા અને સૂત્રોચ્ચાર વચ્ચે કાર્યકરોએ અચાનક બેરિકેડીંગ તોડીને બૂમ બેરીયર પર પહોંચી ગયા હતા.

આરોપ છે કે આ લોકોએ બૂમ બેરિયર તોડ્યા હતા.બાદમાં મુખ્યમંત્રીના ઘરના ગેટ પર લાગેલા સીસીટીવી કેમેરા તોડી નાખવામાં આવ્યા હતા. કેટલાક લોકોએ સીએમ આવાસના ગેટ પર કેસરી રંગનો કલર પણ ફેંક્યો હતો. કોઈક રીતે પોલીસે ત્યાંથી કામદારોનો પીછો કર્યો. બાદમાં ૭૦ જેટલા લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. આ તમામને ઔપચારિકતા પૂર્ણ કર્યા બાદ મુક્ત કરવામાં આવ્યા હતો.

# શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વર્ણવેલ...સંસાર તાપત્રય વિમોચનનો ઉપાય-૨

જે સંસાર વૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે તેનું પ્રયોજન શું છે..? તે બતાવતાં ભગવાન કહે છે કે ×આ સંસારવૃક્ષનું સ્વરૂપ જેવું કહ્યું છે તેવું અહી વિચારકાળમાં મળી આવતું નથી કેમ કે આનો નથી આદિ કે નથી અંત..! તેમજ નથી આની નિશ્ચિત પ્રકારની સ્થિતિ માટે આ અહંતા-મમતા અને વાસના રૂપી અત્યંત દ્રઢ થયેલાં મૂળ ધરાવતા સંસારરૂપી અશ્વત્થ વૃક્ષને દ્રઢ વૈરાગ્યરૂપી શસ્ત્ર વડે કાપીને સકામ અનુષ્ઠાનથી લોક પરલોકમાં વિશાળ ભોગો મળશે. આવી વાતો સાંભળીને મનુષ્ય લોક તથા સ્વર્ગલોકમાં સુખ રમણીયતા અને સ્થાઇપણું માલૂમ પડે છે.આથી અજ્ઞાની મનુષ્યો કામ અને ભોગોને પરાયણ થાય છે આનાથી વધીને કોઇ સુખ નથી..આવો તેમનો નિશ્ચય થઇ જાય છે.જ્યાં સુધી સંસાર સાથે તાદાત્મય મમતા અને કામનાનો સબંધ છે ત્યાં સુધી એવું પ્રતિત થાય છે પરંતુ ભગવાન કહે છે કે વિવેકવંતી બુધ્ધિથી સંસારથી અલગ થઇને સંસારથી સબંધ વિચ્છેદ કરીને દેખવાથી જેવું રૂપ આપણે અત્યારે માની રાખ્યું છે તેવું ઉપલબ્ધ થતું નથી એટલે કે એ નાશવાન અને દુઃખરૂપ પ્રતિત થાય છે.આ સુખ અને આનંદમાં ફરક છે. વિષયવસ્તુ સાથે ઇન્દ્રિયોનો સબંધ થયા પછી જે થાય તેને સુખ કહેવાય અને વિષયવસ્તુ સહિત અંદર એક ઝરણું ફુંટે તેને આનંદ કહેવાય છે.

કોઈપણ વસ્તુના આદિ મધ્ય અને અંતનું જ્ઞાન બે પ્રકારનું હોય છેઃસ્થુળકૃત અને કાળકૃત. આ સંસારનો આરંભ ક્યાંથી થાય છે, મધ્ય ક્યાં છે અને અંત ક્યાં થાય છે? આ રીતે સંસારના સ્થળકૃત આદિ-મધ્ય અને અંતનો પત્તો નથી અને ક્યાંથી આરંભ થયો અને ક્યાં સુધી રહેશે અને ક્યાં તેનો અંત થશે? આ રીતે સંસારના કાળકૃત આદિ મધ્ય અને



विनोदभाई माछी निरंकारी

અંતનો પણ પત્તો નથી.

વાસ્તવમાં સંસારની સ્વતંત્ર સત્તા છે જ નહી ફક્ત ઉત્પત્તિ અને વિનાશનો ક્રમ માત્ર છે. સંસારનો આ ઉત્પત્તિ વિનાશનો પ્રવાહ જ સ્થિતિ રૂપે પ્રતિત થાય છે,જેનું સ્વરૂપ એક ક્ષણ પણ સ્થાયી ન રહેતું હોય એવા સંસારની સ્થિતિ કેવી? સંસાર સાથે પોતાનો માની લીધેલો સબંધ છોડતાં જ તેનો પોતાના માટે અંત થઇ જાય છે અને પોતાના વાસ્તવિક સ્વરૂપ પરમાત્મામાં સ્થિત થઇ જાય છે.સંસારથી સબંધ વિચ્છેદ કરવાનો સુગમ ઉપાય છે. સંસારથી પ્રાપ્ત મન બુધ્ધિ ઇન્દ્રિયો શરીર ધન વગેરે તમામ સામગ્રીને પોતાની અને પોતાના માટેની ના માનીને તેને સંસારની સેવામાં લગાવી દેવી.વ્યક્તિ પદાર્થ ક્રિયા વગેરેમાં રાગ અને મમતા હોવાથી સાંસારીક બંધન વધુને વધુ દ્રઢ થતું જાય છે.જે પદાર્થ અને વ્યક્તિઓમાં રાગ અને મમતાનો ઘનિષ્ઠ સબંધ થઇ જાય છે તેમને મનુષ્ય પોતાનું સ્વરૂપ માનવા લાગી જાય છે.આ સંસાર વૃક્ષના મૂળ બહુ જ દ્રઢ છે છતાં પણ તેમને દ્રઢ અસંગતારૂપી શસ્ત્ર દ્વારા કાપી શકાય છે.કોઇપણ સ્થાન વ્યક્તિ વસ્તુ પરીસ્થિતિ વગેરે પ્રત્યે મનમાં આકર્ષણ સુખ બુધ્ધિનું થવું અને એમના સબંધથી પોતાની જાતને મોટા અને સુખી માનવું.પદાર્થોના પ્રાપ્ત થતાં પ્રસન્ન થવું આ જ સંગ કહેવાય છે.એમનું ના હોવું એ જ અસંગતા એટલે કે વૈરાગ્ય છે.વૈરાગ્ય અનેક પ્રકારના છે.

પહેલો વૈરાગ્ય તન મન ધન વગેરેથી વૈરાગ્ય થાય છે.આનો સ્વરૂપથી ત્યાગ કરી દેવા છતાં પણ મનમાં તેનું મહત્વ બનેલું હોય તો વાસ્તવમાં આ વૈરાગ્ય નથી.અંતઃકરણમાં જડ પદાર્થોનું સહેજપણ મહત્વ અને આકર્ષણ ના રહે આ જ વૈરાગ્ય છે.

બીજો સ્મશાન વૈરાગ્ય.કોઇના મૃત્યુના સમયે માણસ તેને પહોચાડવા સ્મશાનમાં જાય છે ત્યારે તેને એમ લાગે છે કે મરનાર ગયો તેમ હું પણ એક દિવસ જવાનો છું, આ બધું ખોટું છે..આવી રીતે માણસને સ્મશાનમાં વૈરાગ્ય થાય છે પરંતુ સ્મશાનમાં હોય ત્યાં સુધી જ આ વૈરાગ્ય ટકે છે.સ્મશાન વૈરાગ્ય.. નૈવેધ વૈરાગ્ય.. પ્રસૂતા વૈરાગ્ય.. આ બધા કામ ચલાઉ વૈરાગ્ય છે પરંતુ જીવનમાં જ્ઞાનગર્ભ દ્રઢ વેરાગ્ય આવવો જોઇએ. જો શરીર સાથે સબંધ ચાલુ હોય તો સકળ સંસાર સાથે સબંધ ચાલુ રહે છે કેમ કે શરીર સંસારનું જ બીજ અથવા અંગ છે.શરીર સાથે તાદાત્મય ન રહેવું એને જ વૈરાગ્ય કહે છે.

જ્યારે મનુષ્યે પોતે એવો અનુભવ કરી લે છે કે હું શરીર નથી, શરીર મારૂં નથી ત્યારે કામના મમતા અને તાદાત્મય ત્રણેય દૂર થાય છે.આ જ વાસ્તવિક વૈરાગ્ય છે.જેના અંતઃકરણમાં તમામ વાસનાઓનો નાશ થઇ જાય છે.સહુંનું કલ્યાણ થાવ, સહું સુખી થાવ, સૌ નિરોગી થાવ,ક્યારેય કોઇને સહેજ પણ દુઃખ ન થાવ આ ભાવનું રહેવું તેને જ દ્રઢ વૈરાગ્ય લક્ષણ કહે છે.

સંસાર સાથે સબંધ વિચ્છેદ કરવાના કેટલાક સુગમ ઉપાયઃ કંઇ પણ લેવાની ઇચ્છા ન રાખીને સંસાર પાસેથી મળેલી સામગ્રીને સંસારની સેવામાં જ લગાવી દેવી.. સાંસારીક સુખ ભોગ અને સંગ્રહની કામનાનો સર્વથા ત્યાગ કરી દેવો..હું ભગવાનનો છું, ભગવાન મારા છે આ વાસ્તવિકતાને દ્રઢતાથી વળગી રહેવું.. શરીર સંસારથી હું અને મારાપણાને બિલ્કુલ હટાવી લેવું.. મારે એક પરમાત્માની તરફ ચાલવું છે એવો દ્રઢ નિશ્ચય કરવો..શાસ્ત્ર વિહિત પોત પોતાનાં કર્તવ્ય કર્મો સ્વધર્મનું તત્પરતાપૂર્વક પાલન કરવું.. બાળપણમાં શરીર પદાર્થ પરિસ્થિતિ વિધા સામર્થ્ય વગેરે જેવાં હતાં તેવાં અત્યારે નથી એટલે કે તે તમામ બદલાઇ ગયાં પરંતુ હું પોતે તે જ છું બદલાયો નથી.પોતાના આ અનુભવને મહત્વ આપવું.. સંસાર સાથે માનેલા સબંધનો સત્તાભાવ દૂર કરવો.

સંસારવૃક્ષનું છેદન કર્યા પછી શું કરવું જોઇએ? તેનું વિવેચન કરતાં ભગવાન કહે છે કે તેના પછી પરમપદની ખોજ કરવી જોઇએ.જેને પ્રાપ્ત કર્યા પછી મનુષ્યો ફરીથી પાછા વળીને સંસારમાં આવતા નથી અને જેનાથી અનાદિકાળથી ચાલતી આવવાવાળી આ સૃષ્ટિ વિસ્તારને પ્રાપ્ત થઇ છે એ આદિ પુરૂષ પરમાત્માને જ હું શરણે છું.(ગીતાઃ૧૫/૪)

પરમાત્માની ખોજ કરતાં પહેલાં સંસાર સાથે સબંધ વિચ્છેદ કરવો બહુ જ આવશ્યક છે કારણ કે પરમાત્મા તો તમામ સ્થળ કાળ વસ્તુ વ્યક્તિ ઘટના પરીસ્થિતિ વગેરેમાં જેમ છે તેમ વિધમાન છે.ફક્ત સંસાર સાથે સબંધ માનવાના કારણે જ નિત્ય પ્રાપ્ત પરમાત્માના અનુભવમાં વિઘ્ન આવી રહેલ છે.સંસાર સાથે સબંધ ચાલુ રહેવાથી પરમાત્માની ખોજ કરવામાં ઢીલાશ આવે છે અને સેવા સુમિરણ સત્સંગ વગેરે સર્વ કંઇ કરવા છતાં પણ વિશેષ લાભ દેખાતો નથી.

જીવ પરમાત્માનો અંશ છે.સંસાર સાથે સબંધ માની લેવાના કારણે જ પોતાના અંશી પરમાત્માના સબંધને ભુલી ગયો છે.શરીર સંસાર સાથે મારો કોઇ સબંધ નથી આ તત્વનો અનુભવ કરવો એ જ સંસારવૃક્ષનું છેદન કરવું છે અને હું પરમાત્માનો અંશ છું આ વાસ્તવિકતામાં હર હંમેશાં સ્થિત રહેવું એ જ પરમાત્માની ખોજ કરવી છે.આ ખોજ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠા તત્વદર્શી સંત (સદગુરૂ) વિના સંભવ નથી એટલે જ સદગુરૂ નિરંકારી બાબાએ પોતાના પ્રસિધ્ધ ગ્રંથ ×અવતારવાણી× માં કહ્યું છે કે ×જે ઇશ્વર સાથે મિલાવે એ સદગુરૂ પુરા છે,જે જીવનને શાંત બનાવે એ સદગુરૂ પુરા છે,જે ઘરમાંહી ઘર બતાવે એ સદગુરૂ પુરા છે, સદગુરૂ પુરાની એ જ નિશાની,પલમાં દેખાડે અંગસંગ રામ, કહે ×અવતાર× એ બ્રહ્મજ્ઞાની છે,જે દેખાડે બ્રહ્મનું ધામ.


જેવી રીતે જળનું બિન્દું સમુદ્રમાં ભળી ગયા પછી ફરીથી સમુદ્રથી અલગ થઇ શકતું નથી, એવી જ રીતે પરમાત્માનો અંશ જીવાત્મા પરમાત્માને પ્રાપ્ત થયા પછી ફરીથી પરમાત્માથી અલગ થઇ શકતો નથી એટલે કે ફરીથી પાછો વળીને સંસારમાં આવતો નથી.ઉંચ નીચ યોનિઓમાં જન્મ લેવાનું કારણ પ્રકૃતિ અથવા તેના કાર્ય ગુણોનો સંગ જ છે.

જેનો કોઇ આદિ નથી પરંતુ જે બધાનો આદિ છે તે આદિ પુરૂષ પરમાત્માનો જ આશ્રય ટકવાવાળો નથી માટે પરમાત્મા સાથે પોતાના વાસ્તવિક સબંધને ઓળખીને એક માત્ર પરમાત્માને શરણે થઇ જવું જોઇએ. જે મહાપુરૂષોને આદિ પુરૂષ પરમાત્માના શરણે જઇને પરમપદની પ્રાપ્તિ થઇ છે તેઓનાં લક્ષણોનું વર્ણન કરતાં ભગવાન ગીતામાં કહે છે કેઃ ×જેઓ માન અને મોહથી રહિત થઇ ગયા છે, જેઓએ આસક્તિથી થવાવાળા દોષને જીતી લીધા છે,જેઓ નિત્ય નિરંતર પરમાત્મામાં જ લાગેલા છે,જેઓ પોતાની દ્રષ્ટિએ તમામ કામનાઓથી રહિત થઇ ગયા છે, તેઓ સુખ દુઃખરૂપી દ્રન્દ્રોથી મુક્ત થઇ ગયા છે એવા ઉંચી સ્થિતિવાળા મોહ રહિત ભક્તો તે અવિનાશી પરમપદ પરમાત્માને પ્રાપ્ત થાય છે.×(ગીતાઃ૧૫/૫)

આ શ્લોકમાં પ્રભુ પરમાત્માને ગમતા માણસોનું વર્ણન છે.અમૂઢ માણસો અવ્યય અવિનાશી પદને પ્રાપ્ત કરે છે.જેને માનની અપેક્ષા નહી.જેને મોહ નહી.તે અમૂઢ છે.શરીરમાં હું-મારાપણું થવાથી જ માન આદર સત્કારની ઇચ્છા થાય છે.શરીર સાથે પોતાનો સબંધ માનવાના કારણે જ મનુષ્ય શરીરના માન આદરથી ભુલથી પોતાનાં માન આદર માની લે છે અને ફસાઇ જાય છે.જે ભક્તોનું ફક્ત ભગવાનમાં પોતાપણું હોય છે તેઓનું શરીરમાં હું મારાપણું રહેતું નથી.આથી તેઓ શરીરના માન આદરથી પ્રસન્ન થતા નથી.ભગવાનના શરણે થતાં તેઓનો શરીર સાથે મોહ રહેતો નથી પછી માન આદરની ઇચ્છા કેવી રીતે થાય?

ભગવાનમાં આકર્ષણ થવું એ પ્રેમ અને સંસારમાં આકર્ષણ થવું એ આસક્તિ કહેવાય છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિ કહેવાય છે.મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિના કારણે જ થાય છે.ભક્તો નિત્ય નિરંતર ભગવાનમાં જ સ્થિત રહે છે. ભક્તોની તમામ કામનાઓ નષ્ટા થઇ જાય છે.ભક્તો સુખ-દુઃખ, હર્ષ-શોક, રાગ-દ્રેષ વગેરે દ્રન્દ્રોથી રહિત થઇ જાય છે કારણ કે તેઓની સામે જે અનુકૂળ-પ્રતિકૂળ પરીસ્થિતિ આવે છે તેને તે ભગવાનનો જ આપેલો પ્રસાદ માને છે.આવવા-જવાવાળા પદાર્થોને પ્રાપ્ત કરવાની ઇચ્છા કે ચેષ્ઠા કરવી તથા તેમનાથી સુખી દુઃખી થવું એ મૂઢતા છે.મૂઢતા મોહ બે પ્રકારનો હોય છે. પરમાત્માની તરફ ન લાગીને સંસારમાં જ લાગી જવું અને પરમાત્માને સારી રીતે ન જાણવા.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)



सपना विजपुरा की गजल "अच्छा लगता है" का आस्वाद
ख्वाबों में जीना अच्छा लगता है।
पंख बिना ऊड़ना अच्छा लगता है।

एक और गम,एक और गम दो हमें
जख्मों को सीना अच्छा लगता है।

अब शाम में आंखे नम नहीं होती हैं,
यादो में मुस्काना अच्छा लगता है।

अगर मचल जाउं तो सीने से लगाना,
बहाने से लिपटना अच्छा लगता है।

तितली का 'सपना' एक फूल ही सही
कांटो से उलझना अच्छा लगता है।

सपना विजपुरा केलिफ़ोरनिया (यु एस ऐ)

सपना जी विदेशी धरती पर गजल के

सपना जी विदेशी धरती पर गजल के

बेशुमार सपनों को सजाए हुए, उनकी ताबीर बनाने को अहसास के विशाल आकाश में बेपंख उडने की काबिलियत रखती है। उपरोक्त गजल जिन्दगी की हकीकतों से बाल सहज ख्वाबों की दुनिया में हमें अच्छी तरह किस तरीके से जिया जाए? उसीकी तरफ हलके हलके तितली जैसे फुदकते इशारे कर रही है। आइए गजल के मत्ले की परवाज पाएं।

"ख्वाबों में जीना अच्छा लगता है।
पांख बिना उड़ना अच्छा लगता है।"

दस गुरु वर्ण की यह गीतनुमा गजल को

पढते ही पंकज उदास की गाई हुई गजल का मत्ला मेरे जहन में नाचने लगता है।

हम भी पागल हो जाएँगे ऐसा लगता है।"

यह तेरह गुरु वर्ण की गजल है। जहां कवि अपनी तन्हाईयों में दीवारों से मिलकर रो-रो

कर पागल होना चाहते हैं। मगर सपना जी जो वाकई ख्वाब ही है, वह तो तन्हाई में

भी ख्वाबों में ख्वाबीदा होकर बेपंख परवाज कर गजल की ऊंचाईयों को छू रही है।

दूसरा शेर एक ऐसी नायाब मांग कर रहा है। जिसे पूरी करने की खातिर धडकते हुए दिल की ही जुदाई का आलम चाहीए।

वरना जमाना तो बेवजह हर कोई को गम

देकर बेहाल करने को आदी हो चुका है। यहां सपना जी एक ऐसे गम की डोर से

तीसरा शेर बिरहन के जज़्बात का बेमिसाल शेर है। अक्सर अंधेरे को छूने वाली शाम बिछडे हुए आशिक में तन्हाईयों का शोरोगुल मचाकर उसे चोधारा आंसुओ से भीगने को मजबूर करती है। उससे विपरित यह शायरा आंखों में गुजरे हुए वक्त की यादों कीउभारते मुस्कान के नक्श उभारके मसर्रत में मचल उठती है।

यही उसका खयाली मसर्रत ही में यकीनन मचल उठना, उसमें फिर वही श्रद्धा जगाती है कि, मेरे महबूब इन अवस्थाओं में भी मेरी हंसी-खुशी को देख राजी होकर मुझे

गले लगा लेंगे। यही प्रीत की पराकाष्ठा है।

"अगर मचल जाऊँ तो सीने से लगाना,
बहाने से लिपटना अच्छा लगता है।"

जख्मों को सीना चाहती है। जो कबीर ने अपने चरखे धागे में इस्तेमाल किया था।

शेर देखियेगा।
"एक और गम ,एक और गम दो हमें,
जख्मों को सीना अच्छा लगता है।"

सपना जी आपके जख्मों को मेरे यह शेर की सौगात देकर मैं भी अपना जख्म भरना चाहता हूँ।

"जखम से खेलूँ, जखम मैं झेलूं, जखम पिरोऊं कलम के अंदर,

गज़ल की चादर बुनूं मैं यारो, मगर असल में कबीर हूँ मैं।"

सतीन देसाई परवेज दीप्ति "गुरु"

अंतिम शेर में यह मासूम मिजाज तितली-सी शायरा उर्दू के उस्ताद शायर जिगर मुरादाबादी की कांटों की परस्तिश के जज़्बात को ही अपने शेर में निभाती है।

जिगर साहब का शेर मुलाहिज़ा फर्मायें।

"गुलबन परस्त हूँ मुझे गुल ही नहीं अजीज,
कांटों से भी निबाह किए जा रहा हूँ मैं।"

जिगर मुरादाबादी

तितली का सपना फूल ही सही
कांटों से उलझना अच्छा लगता है।

सपना जी हमें भी आपकी यह गजल में हमारे जज़्बात पिरोना अच्छा लगता है।।

सतीन देसाई परवेज दीप्ति" गुरु"
ए/3अभिलाषा फ्लैट, पारिजात सोसायटी के पास, पालडी ,अहमदाबाद 7

### સપામાં કાકા-ભત્રીજા ફરી અંતર વધ્યું

# શિવપાલની મુખ્યમંત્રી યોગીની મુલાકાતથી રાજકારણમાં મોટી ઉથલ-પાથલના સંકેત



લખનૌ,તા.૩૧

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સાથે પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના પ્રમુખ શિવપાલ સિંહ યાદવની મુલાકાત રાજ્યમાં મોટી ઉથલપાથલના સંકેત આપી રહી છે. સીએમ યોગી અને શિવપાલ યાદવ વચ્ચે અચાનક થયેલી મુલાકાત બાદ તમામ અટકળોએ જોર પકડ્યું છે. યુપીના રાજકીય ગલિયારામાં શિવપાલ યાદવના બીજેપીમાં સામેલ થવાની અટકળો લગાવવામાં આવી રહી છે. યુપી વિધાનસભા ચૂંટણી પહેલા મુલાયમ સિંહ યાદવના વહૂ અપર્ણા બીજેપીમાં સામેલ થયા હતા તે સમાજવાદી પાર્ટી માટે મોટો ઝટકો હતો. છેલ્લી લોકસભા ચૂંટણીમાં શિવપાલ યાદવના બીજેપીમાં જવાની સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી હતી પરંતુ ત્યારે આ નહોતું થઈ શક્યું.

શિવપાલ યાદવ અને અખિલેશ યાદવ વચ્ચેનું અંતર અચાનક નથી વધ્યું. મોટા ભાઈ મુલાયમ સિંહ યાદવના હાથમાંથી સપાની કમાન ગયા બાદ શિવપાલ પોતાના જ રાજકીય ઘરમાં પારકા થઈ ગયા હતા. જ્યારે મુલાયમ સિંહ યાદવ પાર્ટીના પ્રમુખ હતા ત્યારે શિવપાલ યાદવ પાર્ટી અને સરકારમાં બીજા નંબરના પદ પર હતા.

એ જાણીતું છે કે, યુપીના રાજકારણમાં શિવપાલ યાદવનું કદ ઘણું મોટું છે. પાર્ટીની કમાન અખિલેશ યાદવના હાથોમાં આવતા જ શિવપાલ યાદવને એ સમ્માન ન મળ્યું જે તેમને મુલાયમ સિંહ યાદવના સમયમાં મળ્યું હતું. ભાજપ સાથે વધતી શિવપાલ યાદવની નિકટતાનું કારણ પણ આ જ માનવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી પ્રમાણે શિવપાલ યાદવના ધારાસભ્ય પક્ષની મીટિંગમાં ન બોલાવવા પર મોટા ભાઈ મુલાયમ સિંહ યાદવ સાથે મુલાકાત કરી નારાજગી વ્યક્ત કરી છે. વિધાનસભા ચૂંટણી પહેલા જ્યારે તેઓ ગઠબંધનમાં સામેલ થયા હતા ત્યારે અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેમનું પુરૂ ધ્યાન રાખવામાં આવશે પરંતુ જ્યારે ચૂંટણી પૂરી થઈ ગઈ ત્યારે અખિલેશ યાદવે આઝમગઢથી સાંસદ પદ છોડીને કરહલથી ધારાસભ્ય બની રહેવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે ધારાસભ્ય દળની બેઠક મળી ત્યારે તેમને વિરોધ પક્ષના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે શિવપાલ યાદવ વિરોધ પક્ષના નેતા બનવા માંગતા હતા. ત્યારથી બંને નેતાઓ વચ્ચે નારાજગી ચાલી રહી છે. અખિલેશ યાદવના હાથમાં સમાજવાદી પાર્ટીની કમાન આવતાની સાથે જ શિવપાલ યાદવ પોતાના રાજકીય ઘરમાંથી બેઘર થઈ ગયા. ત્યારબાદ તેમણે અલગ પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી બનાવી અને આ દરમિયાન ભાજપ સાથે તેમની નિકટતા જળવાઈ રહી હતી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS :004**

વિષયઃ મન ને ગમતી વાત

શબ્દોઃ૩૫૦

શીર્ષકઃકોલ્ડ કોફી..નો અનેરો આનંદ

પાંચ એક વર્ષ પહેલાં હું ગોવા ગઈ હતી.. ગોવા જવું મારે માટે કોઈ નવી વાત નહોતી.. વારંવાર જતી આવી છું.. તેથી નવું નહોતું.. હા જેની સાથે ગઈ હતી તેઓ માટે આ પહેલીવાર હતું.તેઓ મારા નણંદ નણંદોઈ જ હતાં. ગોવા એટલે હિપ્પી જેવો આનંદ એવું મેં તેનું નામ આપ્યું છે.. ત્યાંની હવામાં પણ નશો છે..

ચાલો માંડીને વાત કરું તો જેઓ સાથે ગઈ હતી તેઓ તેમની જુવાનીમાં તો કલિંગરમાં વિહસ્કીનાં ઈજેક્શન આપી કલિંગરની મજા માણેલી.. પણ હવે ભક્તિમાં પડી ગયેલા તેથી બધું જ છોડી દીધેલું કોઈ વ્યસન ન કરતાં પણ તમને ખબર છે વિના કારણે ભટકવું એ પણ એક કુદરતને માણવાનો નશો જ હોય છે..!

ગોવાના આ માહોલમાં અમને ભટકવાનો નશો હતો. એક પછી એક બીચ અમે રોજ સમી સાંજે જ માંણવા જતા.અગોંડાબીચ મારે માટે એક સુંદરને રોંમાચિત બીચ હતો.. બધાંના હાથમાં મસ્ત બીયરનાટીન કે બોટલને મફત મળતાં સૂર્યનાં કિરણો ને
આરામ દાઈ દરિયા કિનારાની ખુરશી બેંન્ચીસ ને અર્ધ નગ્ન ગોરા માનવીને મેમો તેમનામાં મસ્ત તો કેટલાક હિપ્પીઓ પોતાના નશામાં મસ્ત..ભારતીય પ્રજા અધકચરી અવસ્થામાં મસ્ત..સુનહરી રેતીને ધીરે ધીરે અસ્ત થતો સૂર્ય ને તેમાં સોનેરી કિરણોથી ચમકતું ખારું પાણી તેની સુંદરતા વેરી રહ્યાં હતાં.. ત્યાં અચાનક શું પીવું તેનો મોટો પ્રશ્ન સામે આવ્યોપ.! મને તો કલ્પના પણ નહિ કે અહીં ચાની ફર્માઈશ થશે.. હું બે મિનિટ વિચારતી રહી.. સ્ટોલ પાસે ગઈ ને દબાતા અવાજે પૂછી ઊઠી.. ભૈયા ચાય મિલેગા? પછી કોઈ સાંભળતું નથીને એમ ચારે બાજું જોઈ રહી.. કારણ આતો એવી માંગણી હતી કે ખારા સાગરમાં મીઠી વીરડી શોધવી..! જ્યાં નશો જ નશો ત્યાં સમી સાંજે ચા ! પેલાએ કહ્યું નો, મેમ.. ઓનલીપ ને મેં તો જાણે બેંરાશ મારી હોય તેમ જ સાંભળ્યું પણ આગળનાં શબ્દો સાંભળી હું તો જાણે જાદુની છડી ફરી હોય તેમ ખુશ થઈ ગઈ..કોલ્ડ કોફી..
મારી જિંદગીમાં મે ચા પીધેલી નહિ.. કોલ્ડ કોફી મારું પ્રિય પીણું.. જંગલમાં કોઈ પરી મળી જાયને માંગ માંગ તે આપું જેવું થઈ ગયું. મસ્ત ત્રણ મોટા ગ્લાસ ભરી કોફીનો ઓર્ડર આપી સમી સાંજે ડૂબતા ક્ષિતિજે પહેલીવાર ગોવાના બીચ પર કોલ્ડ કોફી વીથ કોફી આઈસ્ક્રીમનો અનેરો આનંદ માણ્યો તે એક અદ્ભૂત યાદગીરી બની ગઈ, પછી તો બીજે દિવસે હું એકલી બીચ પર ગઈ કેમ એ તો સમજી ગયા હશોપ એ આનંદ પણ અનેરો રહ્યો..!

જયશ્રી પટેલ

---

**NOG SS No : 0092**

પ્રકાર :-પદ્ય

વિષયઃ- મન ને ગમતી વાત

શિર્ષકઃ- મનના ખૂણા ઝંકૃત કરતું સંગીત

ના મળે ચાહત કે વિરાસત તો કાંઈ નહીં,
મળે એક ઢળતી સાંજે સંગીતની સોબત તો હૈયે હરખ માંય નહીં.
ભીડમાંય એકલા રહેવાની આદત છે મને,
કરે જો સાત સૂરો હસ્તક્ષેપ તો કાંઈ નહીં.
વ્હાલા છે રાગ-રાગિણી ને સૂર તાલ મને હંમેશાથી,
રંગ જો એમાં ભળે સપ્તકના તો બીજું જોઈએ કાંઈ નહીં.
મારી ઉદાસીને પળમાં ફેરવે છે એ જોશ ને ઉમંગમાં,
કોઈ જો 'સરસ્વતી સાધના' કહે એને તો કાંઈ નહીં.
ગમાં-અણગમાથી ભર્યા છે સ્નેહના સંબંધો,
ઉતાર-ચઢાવ ખૂબ છે એમાં જોજે લપસાય નહીં.
સ્નેહ જો સંગીતથી થઈ ગયો છે તો નિભાવજે આજીવન,
ક્યારે તૂટશે જીવનવીણાના તાર સમજાય નહીં.
મનને સદા નશો છે મધુર ગીત-સંગીતનો,
તાળીઓ ના વાગે પ્રોત્સાહનમાં તો કાંઈ નહીં
એ એક સાગર છે નિરાંત ને દીર્ઘ આનંદનો,
કિનારે બેસી છબછબિયાં પણ જો થાય તો કાંઈ નહીં.
હૃદયના ભાવ છલકાવે છે મધુરા ગીતો મારા,
પ્રશંસક જો દાદ ના આપે તો કાંઈ નહીં.
હું તો ઉતારું છું ઉદાસીનું મહોરું સંગીતના સાંનિધ્યમાં,
કોઈ સાંજ ઉદાસીનો અંચળો ઓઢીને ભલે આવે તો કાંઈ નહીં.
મસ્ત રહું છું હું સદાય મારા સંગીતની મસ્તીમાં,
કોઈ અડચણ બની આવે તો કાંઈ નહીં.
સહજ છે ક્યાં છૂટવો મસ્તીનો આ તંતુ?
કોઈ લશ્કર લઈને ભલે ચઢી આવે તો કાંઈ નહીં.

અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

**NOG SS no.0007**

વિભાગ : ગદ્ય

વિષય : મનને ગમતી વાતો

શિર્ષકઃ પહેલી ટ્રોફી

મિત્રો આ વાત મારાં □દયની ઘણી નજીક છે.મારી મોટી દીકરી સિનિયર કેજીમાં હતી.હું પહેલેથી જ ગુજરાતી ભાષાથી પ્રભાવિત હતી.એટલે દીકરીને ગુજરાતી માધ્યમમાં જ ભણવા મૂકી હતી.ગુજરાતી માધ્યમમાં ભણવાનો ફાયદો એ છે કે ત્યાં તમારી અંદર છૂપાયેલા વ્યક્તિત્વને નિખારવા તંદુરસ્ત અને અનુકૂળ વાતાવરણ મળી રહે છે.મારી દીકરીને પણ એ ત્યાં મળતું. તેથી શિક્ષકો સાથે વાતો કરવામાં કે બીજી કોઇપણ પ્રવૃત્તિમાં એ કાયમ અગ્રેસર રહેતી.મુંબઈમાં પ્રેમપૂરી આશ્રમ નામે એક સંસ્થા છે.જે આખા વર્ષ દરમ્યાન જૂદી જૂદી સ્પર્ધાઓ યોજતી હતી અને આખા મુંબઈની શાળાઓને એ સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રિત કરતી. 'સ્ટોરી ટેલિંગ' એટલે કે 'વાર્તા કહેવાની' સ્પર્ધામાં ભાગ લેવાનું પરિપત્ર મારી દીકરીની શાળા નામે બાલભારતીમાં પણ આવ્યું.આ સંસ્થાની સ્પર્ધાઓની ગણના પ્રતિષ્ઠિત સ્પર્ધામાં થાય છે.એટલે શિક્ષકોએ કોઈ ચબરાક, સ્પષ્ટ ઉચ્ચારણ હોય એવાં વિદ્યાર્થીને તૈયાર કરીને મોકલવાનું વિચાર્યું.અને પસંદગીનો કળશ ઢોળાયો મારી દીકરી પર.એટલે એનાં વર્ગ શિક્ષિકાબેને મને બોલાવી અને કહ્યું કે "આ સ્પર્ધામાં તમારી દીકરીને મોકલવાની છે તો કોઈ વાર્તા તૈયાર કરીને આપો." મારી અંદર બેઠેલો લેખક સળવળ્યો.મેં શ્રવણની વાર્તા મારી દીકરી યાદ રાખીને બોલી શકે એવી સરળ રીતે લખી.લેખકની સાથે કલાકારનો પણ જીવ એટલે દીકરીને શ્રવણનો ગેટઅપ આપ્યો ,સાથે કાવડ અને કાવડમાં શ્રવણના માતાપિતા પણ ખરાં.આ બધું મેં અને મારાં સાસુમાએ મળીને હાથે બનાવ્યું હતું.દીકરીને વાર્તા બોલવાની સતત પ્રેક્ટિસ આપીને સરસ તૈયાર પણ કરી હતી.હવે સ્પર્ધામાં જવાનો દિવસ આવ્યો.સ્પર્ધામાં શિક્ષક સાથે એક વાલીએ ફરજિયાત જવાનું હતું.પણ મને આઠમો મહિનો ચાલી રહ્યો હતો અને મુસાફરીની મનાઈ કરવામાં આવી હતી.એટલે સ્પર્ધામાં દીકરીની સાથે એનાં પપ્પાને અને માસીને મોકલાવ્યા.હું ન જઈ શકી એનો મને ભારોભાર અફસોસ આજે પણ છે.સ્પર્ધામાં દોઢસોથી પણ વધારે બાળકો હતાં.અને મારી દીકરી એ સ્પર્ધામાં બીજા નંબરે આવી હતી.ફોન પર જ્યારે મારાં પતિએ મારી દીકરીએ કઈ રીતે વાર્તા કહી એનું વર્ણન કર્યું ત્યારે મારી આંખો હર્ષાશ્રુ થી છલકાઈ ગઈ.કારણ કે મારી અંદરના લેખકની અને કલાકારની આ પહેલી જીત અને પહેલી ટ્રોફી હતી.જે હું ક્યારેય નહીં ભૂલી શકું.એ ટ્રોફી મળી તો મારી દીકરીને છે પણ એ આજે પણ મારા □દયની ખૂબ નજીક છે.ટ્રોફીની સાથે સાથે હાથે બનાવેલાં એ માતા પિતા પણ યાદગીરી રૂપે હજી સાચવ્યા છે.

લેખિકાઃ આરતી મરચંટ
મુંબઈ : કાંદિવલી

---

**NOG NO. S.S.0059**

વિષયઃ "વાર્તા ને કવિતા ".

પ્રકાર : ગદ્ય-લેખ.

શીર્ષકઃ કોણ મોટુ ?

શબ્દોઃ ૨૬૦.

જયકાન્ત ઘેલાણી પ્યારે".

એક વટવૃક્ષ ને,અનેક ડાળીઓ
અનેક વડવાઈઓ તેમજ અગણિત ટેટાં હોઈ તેજ શોહામણુ વટવૃક્ષ કહેવાઈ !
તેમજ, દરેક સાહિત્ય, તેના ભિન્ન ભિન્ન વિભાગો અને તેનાં વિવિધ પેટા વિભાગોથીજ શોહામણુ અને રોચક બનેછે.
વાર્તા અને કવિતા,સાહિત્યની બે શાખાઓજછે.
દરેક વિચારવંત વ્યકિતની વિચાર શ્રેણીના આધારે, દરેક વાર્તા અને કવિતા વચ્ચે અંતર તો રહેવાનુજ.
માનવ જીવનમાં,જેમ કોઈને ટૂંકા પ્રવાશે જવાનુ ગમેછે, તો કોઈને લાંબા પ્રવાશે જવાનુ ગમેછે.
કોઈ થોડી કમાણીમાં પણ સૂખ-ચેનથી રહેછે,અને સંતુષ્ટ!
તો કોઈ કરોડો,અબજો રૂપિયા હોવાછતાં,બેચેન ! અસંતુષ્ટ !
આમા દોષ કોનો ?
ફકત વિચાર શ્રેણીનોજ.
કેમ ખરુને મિત્રો ?
વાર્તા અને કવિતા નુ પણ આવુજ ગણીતછ.
વાર્તા લખનાર દરેક પ્રસંગ ને દરેક પાત્રને અને પોતાના વિચારને આગળ વધવા મોકળુ મન રાખી વહેવાં દયેછે, અને વધુમાં વધૂ શબ્દો દ્વારા વાંચક ગણને પોતાની કૃતિઓ ગમેતે માટે પ્રયત્નશીલ રહેછે, ત્યારે,
કવિતા લખનાર કવિ ઓછામાં ઓછાં શબ્દો, દ્વારા પ્રસંગ અને
પાત્રને ખીલવી ,વાંચકોને પોતાની કલ્પનાએ તે કૃતિઓ માણવાનો અનેરો મોકો પણ આપેછે.
ટૂંકમાં કહેવાય કે, ઓછી મૂડીથી
મોટો વેપારી, તે કવિ !
અને
મોટી મૂડી, મોટો વેપારી તે વાર્તા
લેખક !
જોકે આજે ટૂંકીવાર્તા અને માઈક્રોફિક્શન ના યુગમા લેખક અને કવિ,
એક ત્રાજવાના બે પલ્લું !
એક સિક્કાની બે બાજુઓ!.

લખો- વાંચો -વાર્તા,
આવો,માણો કવિતા,
પ્યારે' જોડાઈ જાઓ,
NOG સાહિત્ય સરિતા.

## નામ મોટાં દર્શન ખોટાં
## સફેદ લૂટઃ આરટીઈ એકટ લાભાર્થીઓને લૂંટતી પ્રેસિડે્નશી સ્કુલ તાડવાડી રાંદેર સુરત.

કાયદો જાય તેલ લેવા ::મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ મુજબ કોઈ વિદ્યાર્થી પાસેથી શાળા કોઈ પણ પ્રકારે નાણાં વસૂલ કરી શકે નહીં.

શાળાની લુંટઃ

લાખો રૂપિયાનો દંડ વસુલ કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારી પાસે છે.

ડિજિટલ લૂંટઃ

પ્રેસિડેનશી સ્કૂલના સફેદ શાળા સંચાલકો વોટ્સ એપ મેસેજ કરી એક એક વિદ્યાર્થી પાસેથી ૧૩૦૦ રૂપિયા એક્ટિવિટી નામે વસુલ કરવા વાલીઓ ઉપર દબાણ કરી રહ્યાં છે.

સુરતના પોશ વિસ્તારમાં આવેલી પ્રેસિડેન્સી સ્કુલ તેના સંચાલકો સુરતમાં રાજકીય ક્ષેત્રે અને શાળા સંચાલક મંડળ ક્ષેત્રે બહુ મોટું નામ ધરાવે છે આ મોટા નામધારી શાળા સંચાલકો ભારત સરકારના મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ કાયદાનું ખુલ્લેઆમ હનન કરી રહ્યા છે જે બાળકોએ આરટીઈ હેઠળ એમની શાળામાં પ્રવેશ મેળવે છે એવા બાળકો પાસેથી શાળા સંચાલક આચાર્ય અને વર્ગશિક્ષક વિદ્યાર્થીઓના વાલીઓને જુદી જુદી પ્રવૃત્તિ એક્ટિવિટીના નામે માતબર વિદ્યાર્થી દીઠ ૧૩૦૦ રૂપિયા જેટલી વસુલાત કરતા હોવાનું જાણવા મળેલ છે.

આ પ્રેસીડેન્સી એજયુ. ટ્રસ્ટ સંચાલિત શાળાઓમાં એકજ વ્યકિત જૂદી જૂદી મંજુરી ધરાવતી શાળાઓમાં વિવાદિત આચાર્ય તરીકે શોભાયનામ છે. એ પણ તદ્દન ગેરકાયદેસર જણાય છે.

સુરત શહેરમાં અનેક રાજકીય અને શૈક્ષણિક સંસ્થાઓમાં વગ અને નાણાં જોરે મોટા મોટા હોદ્દા ઉપર બિરાંજનારા કથિત શિક્ષણવિદ, સમાજસેવી લોકો સંચાલિત શાળાઓમાં ગરીબ વંચિત બાળકોના વાલીઓ પાસેથી નાણાં વસૂલ કરવામાં આવે તે શરમજનક છે.

અમોને મળેલી માહિતી મુજબ યેનકેન પ્રકારેણ વાલીઓને મજબૂર કરી વોટ્સએપથી ગરીબ બાળકોના વાલીઓ પાસેથી પૈસા વસુલી સામે જિલ્લા શિક્ષણાધિકારી સુરત દ્વારા આરટીઈ એક્ટના ભંગ સબબ તાકીદે સરકાર અને કાયદાનાં હિતમાં તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવે એ જરૂરી છે. ભીનું ભીનું સંકેલી લેશે કે ફરજ બજાવશે ?

શાળામાં આરટીઈ સ્ટુડન્ટ રૂપિયા ૧૩૦૦. ૦૦ લઈને જ શાળાએ આવવું એવાં વોટ્સ એપ મેસેજ નક્કર સાબિતી રૂપે મોકલતા સુરત શહેરમાં આરટીઈ એકટ લાભાર્થી બાળકને લૂંટવાનું પ્રકરણ ચર્ચા ચગડોળે ચઢ્યું છે.

શિક્ષણ માંડ માંડ શરુ થયું છે ઈતર પ્રવૃત્તિઓના નામે ઈકડમ તિકડમ, કટ મની ચપડમ ધાપ ધમડમ.

આજ રોજ સુરત શહેર વાલી મંડળ દ્વારા પ્રેસિડેનશી સ્કુલ, તાડવાડી, રાંદેરરોડ સુરતના આચાર્ય અને શાળા સંચાલક મંડળ સામે વિધિવત ફરીયાદ નોંધાવવામાં આવી હોવાની જાણ મળી છે.

જિલ્લા શિક્ષણાધિકારી એચ. એચ. રાજયગુરૂ દ્વારા કાનૂની કાર્યવાહી હાથ ધરશે ?

ગરીબ, વંચિત, આર્થિક સામાજિક શૈક્ષણિક ક્ષેત્રે પછાત બાળકોને અને એમનાં વાલીઓને લુંટવામાં આવે છે એ ગેરકાનૂની પ્રવૃતિ, નાણાં વસૂલી, લુંટ અટકાવવા અને સરકારે નક્કી કરવામાં આવેલ દંડ વસુલ કરવાહી કરાશે આવશે.

મોટું નામ ખોટું કામ . મોટી શાળા ધોળાં ભોપાળાં.

## કર્ણાટક સરકાર પુસ્તકમાંથી ટીપુ સુલતાનનું ટાઈગર ઓફ મૈસૂર ટાઈટલ દૂર કરશે

,બેંગ્લુરૂ,તા.૩૧

ટીપુ સુલતાન વિશેની ચર્ચા નવી નથી. ભાજપ અને દક્ષિણપંથી સંગઠનોને ટીપુ સુલતાનના મહિમા સામે વાંધો છે. ટીપુ સુલતાનની જન્મજયંતિની ઉજવણીને લઈને કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ઘર્ષણ જોવા મળી રહ્યું છે. કેટલાક ટીપુ સુલતાનને દેશભક્ત અને કેટલાક સાંપ્રદાયિક શાસક તરીકે વર્ણવે છે. ભાજપ અને બજરંગ દળ ટીપુના વિરોધમાં જોવા મળે છે કારણ કે તેઓ કહે છે કે તે મરાઠાઓ સામે લડ્યો હતો. હવે જ્યારે કર્ણાટકના અભ્યાસક્રમમાંથી ટીપુ સુલતાન સુલતાનને હટાવવાની વાત ચાલી રહી હતી ત્યારે શિક્ષણ મંત્રી બીસી નાગેશે સ્પષ્ટતા કરી હતી કે એવો કોઈ વિચાર નથી. તેમણે કહ્યું કે પુસ્તકોમાંથી માત્ર એ જ ભાગને દૂર કરવામાં આવશે જ્યાં કાલ્પનિક વસ્તુઓ લખવામાં આવી છે. પાઠ્યપુસ્તક સમીક્ષા સમિતિના અહેવાલમાં અભ્યાસક્રમમાં ફેરફાર અને ખાસ કરીને ટીપુ સુલતાનના વિષયમાં ફેરફારની વાત કરવામાં આવી છે તેના એક દિવસ પહેલા આ નિવેદન આવ્યું છે. શિક્ષણ મંત્રીએ કહ્યું કે જે બાબતોમાં ઐતિહાસિક પુરાવા છે તે બાળકોને જણાવવું જોઈએ. ટીપુ સુલતાનનો વિષય અભ્યાસક્રમમાંથી હટાવવામાં આવશે નહીં.ટીપુ સુલતાનને જે નામથી બોલાવવામાં આવે છે તે પુસ્તકમાંથી કાઢી નાખવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. અમે ઈચ્છીએ છીએ કે બાળકો વાસ્તવિક ઈતિહાસ જાણે. જો પુરાવા મળી જાય કે ટીપુ સુલતાન 'મૈસૂરનો સિંહ' હતો, તો તેનું બિરુદ બચી જશે. ગૌરવપૂર્ણ ભાગ દૂર કરવામાં આવશે.

ટીપુ સુલતાનને લઈને વિવાદ એ છે કે એક જૂથનું કહેવું છે કે ટીપુએ અંગ્રેજો સામે લડાઈ લડી અને દેશની આઝાદીમાં યોગદાન આપ્યું. બીજી તરફ, જમણેરી સંગઠનોનું કહેવું છે કે તે સાંપ્રદાયિક શાસક હતો અને તેણે ઘણા હિંદુઓને માર્યા. સરકારના આદેશ બાદ રોહિત ચક્રતીર્થની અધ્યક્ષતાવાળી સમિતિએ રિપોર્ટ સોંપ્યો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સમિતિએ કહ્યું છે કે ટીપુ સુલતાનનો વિષય જ રહેવો જોઈએ, જ્યારે જ્યાં શાસકનો મહિમા કરવામાં આવ્યો છે, તેને પડતો મૂકવો જોઈએ.

આ સમિતિને સરકાર દ્વારા ધોરણ ૬ થી ૧૦ સુધીના સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમની સમીક્ષા કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ચક્રતીર્થ જમણેરી વિચારક તરીકે ઓળખાય છે. કોંગ્રેસનો આરોપ છે કે તેમને સમિતિના વડા બનાવવા એ ભાજપ દ્વારા ભગવાકરણ કરવાનો પ્રયાસ છે

## રશિયન સૈનિક ચેર્નોબિલ ન્યૂક્લિયર પ્લાન્ટથી પાછળ હટી રહ્યા છે : અમેરિકી અધિકારીનો દાવો

,મોસ્કો,તા.૩૧

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ૩૬ દિવસથી યુદ્ધ ચાલી રહ્યું છે અને રશિયન હુમલામાં કોઈ ઘટાડો થયો નથી, પરંતુ તેની તરફથી કહેવામાં આવી રહ્યું છે કે તેનાથી ૨ શહેરોમાં હુમલા ઓછા થશે. હુમલામાં ઘટાડો કરવાની જાહેરાતના એક દિવસ બાદ હવે તેમની તરફથી આ નિર્ણયનો અમલ પણ શરૂ કરવામાં આવ્યો છે. અમેરિકાના એક સંરક્ષણ અધિકારીએ બુધવારે જણાવ્યું કે રશિયન સેનાએ ચેર્નોબિલ પરમાણુ પાવર પ્લાન્ટમાંથી બહાર નીકળવાનું શરૂ કરી દીધું છે.

ચાલી રહેલા યુદ્ધની વચ્ચે મોસ્કોએ એક દિવસ પહેલા કહ્યું હતું કે તે યુક્રેનના બે મોટા શહેરો પરના હુમલામાં ઘટાડો કરશે. રશિયન સૈનિકોએ ચેર્નોબિલ પરમાણુ પાવર સાઈટ પર કબજો કર્યો, જ્યાં કિરણોત્સર્ગી કચરો હજુ પણ સંગ્રહિત છે. અમેરિકી અધિકારીએ કહ્યું "ચેર્નોબિલ એ વિસ્તાર છે જ્યાં તેઓ તેમના કેટલાક સૈનિકોને ખસેડવાનું શરૂ કરી રહ્યા છે. સૈનિકો ચેર્નોબિલથી બેલારુસ જઈ રહ્યા છે."

અમેરિકી અધિકારીએ કહ્યું કે અમને લાગે છે કે તેઓ જતા રહ્યા છે, હું તમને કહી શકતો નથી કે તેઓ બધા ગયા છે. રશિયન સૈનિકોએ ૪ માર્ચે યુરોપના સૌથી મોટા પરમાણુ પ્લાન્ટ, ઝાપોરિઝ્ઝ્યા પર પણ કબજો કર્યો હતો, જ્યાં તોપમારા દરમિયાન તાલીમ કેન્દ્રમાં આગ લાગી હતી.

રશિયન સેનાએ યુદ્ધના શરૂઆતના દિવસોમાં ચેર્નોબિલ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ પર કબજો કર્યો હતો. જ્યારે સૈનિકોએ પ્લાન્ટ પર હુમલો કર્યો, ત્યારે તેઓને કિરણોત્સર્ગી ધૂળમાં શ્વાસ લેવાની ફરજ પડી હતી. સ્ટેશન ચાલુ રાખવા માટે અહીં કામ કરતા કર્મચારીઓને ગન પોઈન્ટ પર કામ કરવાની ફરજ પડી હતી. પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીઓએ જણાવ્યું હતું કે રશિયન સૈનિકોને રેડિયેશનનો ભોગ બનવું પડ્યું હતું.

યુએનના એટોમિક વોટડોગના વડા રાફેલ ગ્રોસીએ બુધવારે દક્ષિણ યુક્રેન પરમાણુ વીજ પ્લાન્ટની મુલાકાત લીધી હતી, કારણ કે રશિયાના આક્રમણથી પરમાણુ અકસ્માતની આશંકા વધી હતી. ગ્રોસીએ સંઘર્ષના જોખમો વિશે વારંવાર ચેતવણી આપી છે. યુક્રેન પાસે ચાર સક્રિય પરમાણુ પાવર પ્લાન્ટમાં ૧૫ રિએક્ટર છે, તેમજ ચેર્નોબિલ સહિત પરમાણુ કચરાના ભંડાર છે.

## શ્રીલંકામાં વીજળી નથી, ડીઝલ નથી, મીણબત્તી નથી. પેરાસિટામોલની ૧૦ ગોળીઓ ૪૫૦માં

કોલંબો,તા.૩૧

શ્રીલંકામાં ૧૦ કલાકનો પાવર કટ શરૂ થઈ ગયો છે. બજારમાં મીણબત્તીઓ પણ ઉપલબ્ધ ન હોવાથી લોકો પાસે અંધારામાં રહેવા સિવાય કોઈ વિકલ્પ નથી. આવશ્યક ચીજવસ્તુઓની અછત છે અને તેને બજારમાં મળવી ખૂબ મુશ્કેલ છે. કિંમતોમાં ઐતિહાસિક ઉછાળાએ લોકોનું જીવન વધુ મુશ્કેલ બનાવી દીધું છે. શ્રીલંકામાં અત્યાર સુધીનો સૌથી મોટો પાવર કાપ શરૂ થયો છે. આઝાદી પછીના સૌથી ખરાબ આર્થિક સંકટનો સામનો કરી રહેલા શ્રીલંકાએ બુધવારથી દૈનિક ૧૦ કલાકનો વીજ કાપ શરૂ કર્યો છે. દેશમાં પેટ્રોલિયમ ઈંધણની તીવ્ર અછત છે, જેના કારણે વીજળીના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દેશમાં ખાવા-પીવાની તમામ જરૂરી ચીજવસ્તુઓની ભારે અછત છે, જેના કારણે નારાજ લોકો ગોટાબાયા રાજપક્ષે સરકાર પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે.

દવાની દુકાનો અને હોસ્પિટલોની પણ આ જ હાલત છે. દેશમાં દવાઓની અછતને કારણે સર્જરી બંધ થઈ રહી છે, જેના કારણે ઘણા દર્દીઓના જીવનું જોખમ પણ વધી ગયું છે.શ્રીલંકાના ઈલેક્ટ્રિસિટી બોર્ડે જણાવ્યું હતું કે મહિનાની શરૂઆતથી જે સાત કલાકનો પાવર કટ કરવામાં આવતો હતો તે હવે ઘટાડીને ૧૦ કલાક કરવામાં આવી રહ્યો છે કારણ કે વીજળી પેદા કરવા માટે ઈંધણ નથી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શ્રીલંકાની ૪૦ ટકાથી વધુ વીજળી હાઈડ્રોપાવરથી ઉત્પન્ન થાય છે. ઈંધણની અછત છે, તેમજ વરસાદના અભાવે મોટાભાગની નદીઓ અને જળાશયોમાં પાણી નથી, જેના કારણે વીજળી ઉત્પન્ન કરવી વધુ મુશ્કેલ બની રહી છે.શ્રીલંકામાં મોટાભાગની વીજળી કોલસા અને તેલમાંથી આવે છે. શ્રીલંકા આ બંને બાબતો માટે આયાત પર નિર્ભર છે. પરંતુ દેશનો વિદેશી હૂંડિયામણનો ભંડાર ખાલી થઈ ગયો છે, જેના કારણે તેની સાથે તમામ જરૂરી વસ્તુઓની આયાત થઈ રહી નથી.

દરમિયાન, સરકારી માલિકીની રિટેલ ફ્યુઅલ રિટેલર સિલોન પેટ્રોલિયમ કોર્પોરેશન (CPC) એ કહ્યું કે દેશમાં ઓછામાં ઓછા બે દિવસ સુધી ડીઝલ નહીં હોય.સીપીસીએ પેટ્રોલ સ્ટેશનો પર લાંબી કતારોમાં તેલની રાહ જોતા ડ્રાઈવરોને તેમના ઘરે પાછા ફરવા અને ઈંધણ પુરું પાડવામાં આવે તે પછી અહીં આવવા જણાવ્યું છે. આ વર્ષની શરૂઆતથી જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ ધરખમ વધારો થયો છે. અત્યાર સુધીમાં પેટ્રોલના ભાવમાં ૯૨ ટકા અને ડીઝલના ભાવમાં ૭૬ ટકાનો વધારો થયો છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે સરકારને રાંધણ ગેસ અને કેરોસીન ખરીદવા માટે નાણાં એકત્ર કરવામાં ૧૨ દિવસનો સમય લાગ્યો હતો. સરકારે કોઈક રીતે ઈ૪૪ મિલિયનની રકમ એકત્ર કરી, જેના પછી આ વસ્તુઓની આયાત કરી શકાય.શ્રીલંકા પર ભારે વિદેશી દેવું છે અને તેના કારણે માર્ચ ૨૦૨૦ માં તેણે આવશ્યક ચીજવસ્તુઓની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારબાદ શ્રીલંકાએ ઈ૫૧ બિલિયનનું વિદેશી દેવું ચૂકવવું પડ્યું. આ પછી, શ્રીલંકામાં તમામ આવશ્યક ચીજવસ્તુઓની તીવ્ર અછત હતી અને કિંમતોમાં તીવ્ર ઉછાળો આવ્યો હતો.

શ્રીલંકામાં ચોખા, ખાંડ, દૂધ જેવી તમામ આવશ્યક ચીજવસ્તુઓની અછત છે. લોકો દુકાનોમાં જે સામાન મળે છે તેની કિંમત જોઈને ખરીદી શકતા નથી. આવી સ્થિતિમાં શ્રીલંકામાં પણ સ્થળાંતર શરૂ થઈ ગયું છે. લોકો પોતાનો દેશ છોડીને પાડોશી દેશમાં જઈ રહ્યા છે. શ્રીલંકામાં, આવશ્યક દવાઓ અને આરોગ્ય સુવિધાઓના અભાવને કારણે ઘણી હોસ્પિટલોમાં સર્જરી બંધ કરી દેવામાં આવી છે.

શ્રીલંકાની આર્થિક સ્થિતિ વિશે વાત કરતાં, ૩૧ વર્ષીય શિક્ષક વાણી સુજાઈ ધ ઈન્ડિયન એક્સપ્રેસને કહે છે કે તેમના પતિ ગલ્ફ કન્ટ્રીમાં રહે છે અને જો તેમને જવાની તક મળશે તો તે ચોક્કસપણે શ્રીલંકા છોડી દેશે. તેણી કહે છે કે તેના ત્રણ સભ્યોનો પરિવાર એક મહિના પહેલા ૩૦ હજાર શ્રીલંકન રૂપિયા ખર્ચતો હતો પરંતુ હવે પરિસ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.તે ગુસ્સામાં કહે છે, 'આ મહિને મેં ૮૩ હજાર રૂપિયા ખર્ચ્યા છે. દૂધની અછત છે..ચોખા અને દાળ માટે લડવું પડે છે. મોટાભાગે વીજળી ગુમ રહે છે અને આવી સ્થિતિમાં મીણબત્તી પણ મળતી નથી. પેરાસીટામોલની ૧૦ થી ૧૨ પાનની ગોળી માટે ૪૨૦ થી ૪૫૦ રૂપિયા ચૂકવવા પડે છે અને ઘણી દવાઓ બિલકુલ મળતી નથી. મારો પગાર ૫૫ હજાર છે અને મારા પતિ જે પૈસા મોકલે છે તેનાથી અમે અમારો ખર્ચ ચલાવી શકીએ છીએ. પરંતુ સામાન મળતો નથી. શું આપણે પૈસા ખાઈને જીવી શકીએ?'

CMYK

" વડાપ્રધાનશ્રીના 'એક ભારત -શ્રેષ્ઠ ભારત' ના સંકલ્પને સાથે મળીને ચરિતાર્થ કરીએ" - મુખ્યમંત્રીશ્રી

# અમદાવાદ હાટ ખાતે ૭૩ માં રાજસ્થાન સ્થાપના દિવસ નિમિત્તો રંગારંગ કાર્યક્રમ યોજાયો

ગુજરાત રાજસ્થાન મૈત્રી સંઘ (ગુજરાત ફાઉન્ડેશન)તથા રાજગઢ સાદુલપુર નાગરિક પરિષદ દ્વારા રાજસ્થાનના ૭૩માં સ્થાપના દિવસ નિમિત્તે હોલી મિલન તથા રાજસ્થાન ગૌરવ સમારોહનું આયોજન વસ્ત્રાપુરના અમદાવાદ હાટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટલેની પ્રેરક ઉપસ્થિતિમા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

રાજસ્થાનના નાગરિકોને શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે અનેક રાજસ્થાની પરિવારોએ ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી છે અને દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે.તે આપણી વિરાસત છે,તે આપણી સંસ્કૃતિ છે.

ગુજરાત વસુધૈવ કુંટુંબકમની ભાવના ધરાવે છે.તેથી અનેક પ્રાંતમાથી લોકો ધંધા રોજગાર અર્થે અહી આવીને વસ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને ×એક ભારત -શ્રેષ્ઠ ભારત× નો મંત્ર આપ્યો છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ગુજરાત અને રાજસ્થાનના નાગરિકો સાથે હતા, સાથે છીએ અને સાથે જ રહેશે. સૌનો સાથ -સૌનો વિકાસ કરીને આત્મનિર્ભર ગુજરાત બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું હતું કે ગુજરાતના વિકાસમા રાજસ્થાનવાસીઓનો સાથ સહકાર ખૂબ સાંપડ્યો છે.અને ભવિષ્યમાં પણ ગુજરાત - રાજસ્થાન મૈત્રી થકી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ



આપણે સૌ સાથે મળીને ચરિતાર્થ કરી શકીશું એવી અભ્યર્થના મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી.

આ તબક્કે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજસ્થાન સ્થાપના દિવસની સૌ ભાઇઓ બહેનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

ગુજરાતનાં અલગ અલગ વિસ્તારોમાં રહેતા અને વિશેષ ઉપલબ્ધિ મેળવનાર રાજસ્થાની નાગરિકો જેઓ ઉધોગ,વેપાર, શિક્ષણ, સામાજિક સેવા, વિજ્ઞાન, સાહિત્ય, તબીબી ક્ષેત્રે,કલા અને સંસ્કૃતિમા અગ્રેસર રહેલા લોકોનુ વિશેષ સન્માન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજસ્થાન મૈત્રી સંઘના અધ્યક્ષ શ્રી નરેન્દ્રસિંહ રાજપુરોહિતે પ્રાસંગિક ઉદ્‌બોધનમા જણાવ્યું હતું કે ૩૦ માર્ચ ૧૯૫૦ ના દિવસે રાજસ્થાન રાજયની વિધિવત સ્થાપના થઈ હતી જેમાં સરદાર વલ્લભભાઈ પટેલની દૂરંદેશી દીર્ઘદષ્ટિનો ખુબ મોટો ફાળો રહેલો છે.તેથી દર વર્ષે ૩૦ માર્ચના રોજ રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે. અને ગુજરાતમાં રાજસ્થાની નાગરિકો દૂધમાં સાકર ભળે તેમ ભળી ગયા છે.

અમદાવાદ હાટ ખાતે સંગીતમય વાતાવરણમાં રાજસ્થાનના નામાંકિત કલાકારો દ્વારા પરંપરાગત ગેર નૃત્ય, કાલબેલિયા નૃત્ય, ઘુમર નૃત્ય સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત યુવાનો દ્વારા રક્તદાન શિબિર, બાળકો માટે નિબંધસ્પર્ધા, પપેટ-શો, કૂકિંગ સ્પર્ધા અને બહેનો દ્વારા વિવિધ હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓના વેચાણ સહ પ્રદર્શન પણ યોજવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે રાજસ્થાન પ્રદેશ અધ્યક્ષ શ્રી સતીષ જી.પુનિયા, કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, રાજસ્થાનના સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ મંત્રીશ્રીઓ,ગુજરાત મૈત્રી સંઘના આયોજક શ્રી નરેન્દ્રસિંહ રાજપુરોહિત અને મેળામાં વસ્તુઓના વેચાણ અર્થે પધારેલા રાજસ્થાની ભાઈઓ-બહેનો અને કલાકારો ઉપસ્થિત રહ્યા હતા.

- મનીષા પ્રધાન




ધી ઇાન્ડેયન એક્સપ્રેસે IE 100 ૨૦૨૨ અંતગેત સમગ્ર દેશનાં ૧૦૦ શક્તિશાળી વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે, જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ માન. શ્રી સી આર પાટીલ સાહેબનો ૫૩ નંબરે સમાવેશ કરવામાં આવ્યો છે. આ આપણાં સૌ માટે ગૌરવની વાત છે. માન. શ્રી સી આર પાટીલ સાહેબ ને ખુબ ખુબ અભિનંદન.

## ચાણસ્મા તાલુકામાં બે વર્ષ બાદ પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન નો શુભારંભ થયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

બે વર્ષથી કોરોના ના કારણે પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન યોજના સરકારના આદેશ અનુસાર બંધ હતી પરંતુ કરોના ધીરે ધીરે રાજયમાંથી ઓછો થઈ જતાં રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં મધ્યાન ભોજન ની શરૂઆત કરવા અંગે આદેશ કરવામાં આવતા ગુરુવારથી ચાણસ્મા તાલુકા ની મોટાભાગની શાળાઓમાં મધ્યાહન ભોજન શરૂ કરવામાં આવતા બાળકોમાં શાળામાં જ ભોજન મળતા આનંદની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા હતા પરંતુ કેટલીક પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન નો સામાન પૂરતો મળેલ નથી જેના કારણે સોમવાર સુધીમાં ચાણસ્મા તાલુકા ની મોટાભાગની શાળાઓમાં મધ્યાહન ભોજન રાબેતા મુજબ શરૂ થઈ જશે ચાણસ્મા શહેર ની પ્રાથમિક કુમાર શાળા નંબર એકમાં મધ્યાન ભોજન ના પ્રથમ દિવસે શાળા પરિવાર ના શિક્ષકોએ પોતાના તરફથી બાળકોને ભોજન કરાવી મધ્યાન ભોજન યોજનાનો શુભારંભ કરાવ્યો હતો બાળકોએ પણ આનંદથી પ્રથમ દિવસે શાળામાં ભોજન લેવા નો આનંદ માણ્યો હતો.




અનંતશ્રી વિભુષિત જગદગુરૂ રામાનંદાચાયઁ શ્રી સ્વામી નરેન્દ્રાચાયઁજી મહારાજ નાણીજધામ,જી.રત્નાગીરી (મહારાષ્ટ્ર) નાઁ ભાવિક ભક્તો ભારતભરમાં પસરેલા છે, તમે જીવો અને બીજાને જીવવામાં સહાય કરો નો પરોપકારી મંત્રથી સમાજની સેવામાં અગ્રેસર રહ્યા છે,સંસ્કૃતીનુ જતન,વ્યસનમુક્તી,અંધશ્રધ્ધામાંથી સમાજને બહાર લાવવાનુ બહુમુલ્ય સેવાકીય કાયઁ કરવામાં આવી રહ્યુ છે,રક્તદાન શિબીર,આધ્યાત્મિક સેવાકેન્દ્ર દ્વારા સમાજની સેવા કરી રહ્યા છે,

છેલ્લા બે વષઁનાં કોરોના મહામારીમાં એમની બહુમુલ્ય અને નિશુલ્ક સેવા થી પ્રભાવિત કયાઁ છે, એમના અનુયાયી દ્વારા આગામી ૨ જી એપ્રિલ ગુડીપડવા અથાઁત હિન્દુનવવષઁની ઉજવણી આહવાનાં જુના નવાપુરનાકા થઈને ફુવારાસકઁલ,ડાંગસ્વરાજ આશ્રમ થઈને ડાંગસેવામડંળમાં આધ્યત્મિક સભા માં ફેરવાશે આ કાયઁક્રમની વિશિષ્ટતા એ છે કે અગાઉ ની જેમ ડાંગની લોકકલા ડાંગી નૃત્ય,ઠાકરેનૃત્ય,કહાળીયાનૃત્ય,વિવિધ વેષભુષા વગેરે પંરપરાગત સંસ્કૃતી સાથે આહવા શહેરમાં પાલખીયાત્રા સાથે ફરશે, જેની તડામાર તૈયારી ડાંગજીલ્લાનાં સ્વસ્વરુપ સંપ્રદાય દ્વારા કરવામાં આવી રહી તથા સહુ ધમઁપ્રેમીભાઈયો તથા બહેનોને કાયઁક્રમમા સહપરીવાર સાથે પધારીને લાભ લેવા માટે જાહેર આમંત્રણ છે

નરેન્દ્ર પવાર,ડાંગ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના

# અઘાર ગામમાં કુંવારિકા માતાજીના પરંપરાગત લોકમેળામાં દર્શનાર્થે હજારોની મેદની ઉમટી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના અઘાર ગામમાં કુંવારિકા માતાજીના પરંપરાગત લોકમેળામાં દર્શનાર્થે હજારોની મેદની ઉમટી પડતાં ભીડ જામી હતી. પાટણ શહેર નજીક અઘાર ગામમાં ગુરુવારે કુંવારિકા મૈયાના લોકોત્સવની રંગત જામી હતી. ગામના પટેલ મહોલ્લામાંથી સવારે વેલડા જોડી કુંવારિકા માતાજીની વાજતે ગાજતે રથયાત્રા કાઢવામાં આવી હતી. મંદિરમાં આરતી ઉતારીને મૈયાની મૂર્તિ?ને રથમાં બિરાજમાન કરાઇ હતી. જ્યાં હજારોની જનમેદનીએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો. અમદાવાદ, સુરત, મુંબઇ તેમજ પાટણ અને આજુબાજુના શ્રદ્ધાળુઓ કુંવારિકા માતાજીના



દર્શનાર્થે અને રથયાત્રા નિહાળવા ઉમટયા હતા. પ્રાચીન મંદિરથી નીકળેલી રથયાત્રામાં દર્શનાર્થીઓએ અબીલ ગુલાલ, ચોખા અને ફુલોની વર્ષા કરી માતાજીના વધામણા કર્યા હતા. ગામમાં રથયાત્રા બે કલાક ફરી તળાવ કિનારે આવેલા પાળેશ્વર મહાદેવ મંદિરે પહોંચી હતી. જ્યાં કુંવારિકા મૈયા રાતવાસો કરશે અને શુક્રવારે માતાજીનું પુનઃ નિજ મંદિરે સ્થાપન કરવામાં આવશે. ગામમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. ગુરુવારથી શરૂ થયેલ આ બે દિવસીય મેળામાં ગુરુવારે મોટી સંખ્યામાં લોકોએ માતાજીના દર્શનનો લાભ લીધો હતો.શ્રીફળ, સળગતી સગડી સાથે મહિ?લાઓ દર્શને આવી.પુત્ર જન્મની બાધા આખડીમાં માનતા પૂરી કરવા મહિ?લાઓ ગામના ગોદરેથી બે હાથ રૂમાલથી બાંધી તેમાં શ્રીફળ મૂકીને કુંવારિકા માતાજીના મંદિરે પહોંચી હતી. જ્યાં માતાજીને શિશ નમાવીને શ્રીફળ વધેરી શ્રદ્ધાપૂર્વક બાધા પૂર્ણ કરી હતી. કેટલીક મહિ?લાઓ માથે સળગતી સગડી મૂકીને માતાજીના મંદિરે પહોંચી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

મેળામાં અવનવી ચગડોળ, ચકરડી, રાઇડ્‌સ, ગોઠવાતા બાળકોએ મઝા માણી હતી. ખાણી-પીણીના સ્ટોલ ધમધમ્યા હતા. મોતના કૂવા આસપાસ સ્ટન્ટ નિહાળવા શોખીનો ઉમટયા હતા. અત્રે માર્ગમાં દર્શનાર્થીઓ માટે ઠેર ઠેર પાણીના સ્ટોલ કરાયા હતા. લોકમેળામાં તાલુકા પોલીસ બંદોબસ્તમાં કાર્યરત રહી હતી.

## ટુ-વ્હિલર અને ફોર-વ્હીલરના ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઓક્શન શરુ થશે

સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ (ગ્રામ્ય) બાવળા દ્વારા વાહન ચાલકોની સગવડતા અર્થે પસંદગીના નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુક વાહન માલિકોએ આગામી તા. ૦૬ એપ્રિલ ૨૦૨૨ થી ૦૮ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાની રહેશે.

મોટર સાઈકલની સીરીઝ GJ38–AA, GJ38–AB, GJ38–AC, GJ38–AD, GJ38–AE, GJ38–AG, GJ38–AH અને એલ.એમ.વી. કાર GJ38–B, GJ38–BA, GJ38–BB, GJ38–BC, GJ38–BDનું રી-ઑક્શન માટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/parivahan/પર આગામી તા. ૦૬ એપ્રિલ ૨૦૨૨ થી ૦૮ એપ્રિલ ૨૦૨૨ સુધીમાં ઑનલાઈન રજીસ્ટ્રેશન કરાવી બેઈઝ રકમનું પેમેન્ટ કરવાનું રહેશે. ત્યારબાદ તા. ૦૯ એપ્રિલ ૨૦૨૨ અને ૧૦ એપ્રિલ ૨૦૨૨ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે અને ઈ-ઓક્શનનું પરિણામ તા. ૧૧ એપ્રિલ ૨૦૨૨ ના રોજ યોજાશે.

ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://parivahan.gov.in/parivahan/વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બેમાંથી જે વહેલું હશે તે તારીખ થી સાત દિવસમાં સી.એન.એ. ફોર્મ ભરવાનો રહેશે. અરજી કરેલ હોય તેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.

જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડની રકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ Mode થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

## ઝીશાન ખાન અને વિનિત કાકર વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી તરીકે 'લોક અપ'માં પ્રવેશ કરશે

કંગના રનૌતનો નિર્ભય રિયાલિટી શો 'લૉક અપઃ બદનામ જેલ આત્યાચારી ખેલ', ભારત અને સમગ્ર વિશ્વમાં પ્રેક્ષકો વચ્ચે ખરેખર એક નવો સંપ્રદાય બનાવી રહ્યો છે. ટીવી અભિનેતા ઝીશાન ખાન અને અભિનેતા અને ઉદ્યોગસાહસિક વિનિત કક્કર સાથે વધુ બે નવી વાઇલ્ડ કાર્ડ એન્ટ્રીઓને આવકારવા માટે આ શો એક મંચ પર આવ્યો છે.

'લોક અપ' એ઼્ પર લોન્ચ થયા પછી સૌથી વધુ જોવાયેલ શોમાંનો એક છે કારણ કે તેમાં ભરપૂર મનોરંજન છે. હોસ્ટ તરીકે કંગના સ્પર્ધકો માટે નેવિગેટ કરવા માટે અઘરી હસ્ટલ સાબિત થઈ છે. તદુપરાંત, શોના સ્પર્ધકો પણ દર અઠવાડિયે અનુભવતા આશ્ચર્ય અથવા આંચકાઓથી થોડા પરિચિત થઈ રહ્યા છે. અને આ વખતે, ટીવી અભિનેતા ઝીશાન ખાન અને અભિનેતા અને ઉદ્યોગસાહસિક વિનિત કક્કર શોમાં નવા વાઇલ્ડ કાર્ડ સ્પર્ધકો તરીકે એન્ટ્રી કરશે ત્યારે તેમના પર નવો બોમ્બ ફેંકવામાં આવશે.

ઝીશાન ખાન એક ટેલિવિઝન અભિનેતા છે જેણે ૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન લોકપ્રિય હિન્દી ટીવી સિરિયલ 'કુમકુમ ભાગ્ય'માં આર્યન ખન્નાની ભૂમિકાથી લોકપ્રિયતા મેળવી હતી. ઝીશાને યુટ્યુબ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જે વાયરલ થયો હતો જેમાં તે બાથરોબ પહેરીને ફ્લાઈટમાં સવાર થતો જોવા મળ્યો હતો. . બીજી બાજુ, અભિનેતા અને ઉદ્યોગસાહસિક વિનિત કક્કર સિરિયલોમાં ઘણી મુખ્ય અને ખલનાયકની ભૂમિકાઓ ભજવવા માટે જાણીતા છે જે 'ઝિદ્દી દિલ માને ના'માં નોંધપાત્ર રીતે મુખ્ય વિલન છે અને વેબ ક્રાઈમ સિરીઝ 'કૌન'માં કેન્દ્રીય પાત્ર છે અને ઈન્સ્પેક્ટર દબંગ તરીકે પણ દેખાયા છે. ઝીશાને કહ્યું, ×હું 'લૉક અપ'નો ભાગ બનવા માટે ખરેખર ખૂબ જ ઉત્સાહિત છું કારણ કે કોન્સેપ્ટ ખરેખર અનોખો છે, તે ખરેખર અલગ છે, આવું કંઈક આ પહેલા ક્યારેય થયું નથી જ્યાં અમે જેલમાં કેદી તરીકે રહીશું અને ત્યાં. જેલરો અમને ટાસ્ક આપશે. તેથી હું શું કામો છે તે જોવા માટે ખરેખર ઉત્સાહિત છું અને મેં થોડી જેલ બ્રેક મૂવીઝ, ગેંગસ્ટર મૂવીઝ જોઈ છે તેથી, હું મારા ગેંગસ્ટર મોડમાં હોઈશ. હું ખરેખર ઉત્સાહિત છું, હું ખરેખર જોવા જઈ રહ્યો છું પડકારો તેઓ મારા માર્ગે ફેંકી દે છે, અને હું તે બધાને દૂર કરવા માટે મારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.×

વિનિત ઉમેરે છે, ×હું આ શોનો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત છું કારણ કે મેં મારી ટેલિવિઝન કારકિર્દીની શરૂઆત એક રિયાલિટી શોથી કરી છે. મેં જે કર્યું છે તેના કરતાં આ ઘણું મોટું પ્લેટફોર્મ છે. તે કંગના અને એકતા આર કપૂરના કરતાં વધુ સારું ન હોઈ શકે. સંયોજન, તેથી હું જલદી લોક અપની અંદર જવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.× તે જોવું રસપ્રદ રહેશે કે આ બંને જેલમાં કેવી રીતે પોતાનું સ્થાન બનાવશે અને તેઓ શું નવો વળાંક લાવશે.

ALTBalajiઅને MX Player તેમના સંબંધિત પ્લેટફોર્મ પર ૨૪૮૭ લાઇવ-સ્ટ્રીમ 'લોક અપ' કરે છે અને પ્રેક્ષકોને સ્પર્ધકો સાથે સીધો સંપર્ક કરવાની મંજૂરી આપે છે. શો પર વધુ અપડેટ્‌સ માટે ALTBalaji& MX Player સાથે જોડાયેલા રહો.

'લોક અપ' એ ૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૨થી ALTBalajiઅને MX પ્લેયર પર લાઈવ સ્ટ્રીમિંગ શરૂ કર્યું.

## મોરવાહડપ ના સંતરોડ ગામે મૃતકના પરિવારને રાવળ સમાજ સુરક્ષા ટ્રસ્ટ દ્વારા ૧૦ હજારનું અનુદાન



અભેસિંહ રાવલ દાહોદ

મોરવાહડપ ના સંતરોડ ગામે રાવળ સમાજ ની બેસણાની ક્રિયામાં રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ તરફથી ૧૦,૦૦૦ નું અનુદાન આપવામાં આવ્યું હતું પંચમહાલ જિલ્લાના મોરવા હડપ તાલુકાના સંતરોડ ગામે રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ તરફથી ૧૦,૦૦૦ નું બેસણાની ક્રિયામાં અનુદાન આપવામાં આવ્યું હતું સંતરોડ ગામે રાવળ નરવત ભાઈ છગનભાઈ તારીખ ૨૭ ૩ ૨૦૨૨ રવિવારના રોજ અવસાન પામ્યા હતા રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ મા સો રૂપિયા વાર્ષિક ફી ભરી તેમનું ફોર્મ ભરવામાં આવ્યું હતું તારીખ ૩૦ ૩ ૨૦૨૨ ના રોજ તેમનું બેસણું રાખવામાં આવ્યું હતું જેથી રાવળ સમાજ સુરક્ષા ટ્રસ્ટના હોદ્દેદારો તથા રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ ના સભ્યો દ્વારા ૧૦ હજારનું અનુદાન કરવામાં આવ્યું હતું એડવોકેટ જીતુભાઈ રાવળ જણાવ્યું હતું કે ૧૦૦૦૦ રૂપિયા અનુદાન પેટે મૃતકના પરિવારને આપવામાં આવેલ તેમા રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટમાં સ્વ રાવળ નરવત ભાઈ છગન ભાઈ રાવળ વાર્ષિક સો રૂપિયા ફી ભરી તેમનું ફોર્મ ભરવામાં આવ્યું હતું જેથી તેમના પરિવારને ૧૦,૦૦૦ નું અનુદાન આપવામાં આવેલ છે વધુમાં જીતુભાઈ રાવળ જણાવ્યું હતું કે મૃતક પરિવારના સગા સંબંધીઓ દ્વારા બેસણા ની ક્રિયા બિનજરૂરી ખર્ચા કરવામાં આવે છે તેના પર પ્રતિબંધ મુકવો જોઈએ તેમ જણાવ્યું હતું થોડા સમય પહેલા લુણાવાડાના વેચાત ના મુવાડા ગામે રાવળ સમાજ ના મૃતક પરિવારને ૧૦ હજારનું અનુદાન આપવામાં આવ્યું હતું તેમાં તેમનું પણ રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ મા વાર્ષિક સો ફી ભરી ફોર્મ ભરવામાં આવ્યું હતું આથી પંચમહાલ દાહોદ મહીસાગર છોટાઉદેપુરના રાવળ સમાજ ના સભ્યો ને નમ્ર વિનંતી છે કે રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ માં વાર્ષિક સો રૂપિયા ફી ભરી સભ્ય બનો અને આ રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ નો લાભ લો એવી મારી નમ્ર વિનંતી છે તેમ જણાવ્યું હતું રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટના પ્રમુખ ગાજીપુર સરપંચ નરવત ભાઈ રાવળ ધર્મપાલ એડવોકેટ જીતુભાઈ રાવળ લીમખેડા પત્રકાર અભેસિંહ રાવળ માજી સરપંચ શંકરભાઈ તેમજ રાવળ સમાજના સભ્યો હાજર રહ્યા હતા સ્વ રાવળ નરવતભાઈ છગન ભાઈ ના પરિવારને ૧૦,૦૦૦ નું અનુદાન કરી આશ્વાસન આપવા માં આવતા રાવળ સમાજ પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.